વાંચી શકાય તેમજ સાંભળી શકાય તેવું પ્રથમ નવીન ગુજરાતી મેગેઝીન : "ઉમિયા જ્યોત"

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત

ઉમિયા જ્યોત

Publisher : DILIPBHAI MANILAL PATEL UMIYA JYOT (Gujarati Monthly)

સમાજના સર્વાંગી વિકાસનું મુખપત્ર

Vol.15 • Issue No. 03 • 15th March, 2026, Sunday • Pages 40 • Retail Price ₹ 45





ઉમિયા જ્યોત



અંકના સૌજન્ય દાતાશ્રી

સ્વ. જમનાદાસ જોઈતારામ પટેલ અને સ્વ. સીતાબા જમનાદાસ પટેલની

પાવન સ્મૃતિમાં





હસ્તે શ્રી બાબુભાઈ જે. પટેલ (બી.જે.પી.)
(ધારાસભ્યશ્રી દસક્રોઈ તથા પ્રમુખશ્રી- શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા)
જમનાદાસ હાઉસ, ઈસ્કોન-આંબલી રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૫૮.


રાધે
Sumiran®
WOMEN'S HOSPITAL
માતા પિતા બનવાના
સફરની શરૂઆત કરો
અમારી સાથે
અત્યાધુનિક સુવિધા | નવીનતમ
તકનીકી અને અનભવી ડોક્ટરોની ટીમ
IVF અને
એન્ડોમેટ્રિઓસિસ
સર્જરી માટે શ્રેષ્ઠ સેન્ટર
IVF CENTER
26
વર્ષનો અનુભવ
22,000+
IVF દર્દીઓની સારવાર
32,500+
લૅપ્રોસ્કોપિક સર્જરી
શું તમે IVF હોસ્પિટલની શોધમાં છો?
તો આજે જ સુમિરન હોસ્પિટલ સાથે જોડાવો
ડૉ. મેહુલ સુખડિયા
ગુજરાતના આરોગ્ય મંત્રી દ્વારા સૌથી પ્રતિષ્ઠિત
IVF નિષ્ણાત એવોર્ડ 2023 માટે સન્માનિત
આજે જ તમારી એપોઇન્ટમેન્ટ બુક કરો:
+91 76220 00421
+91 76220 0042125
508, એ. શ્રીરામ એથન્સ, જઢેશ્વરી કી
રાણી પાસે, શિવરાંજની,
અમદાવાદ – 380015
વિપુલ દુધિયાની સામે, સ્ટેડિયમ ફાઇવ રોડ,
નવરંગપુરા, અમદાવાદ – 380009

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત
ઉમિયા જ્યોત



શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ
- પ્રમુખશ્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

લવાજમ

છુટક નકલ રૂા. ૪૫/-
દેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/- ● ૫ વર્ષના રૂા. ૨૦૦૦/-
દેશમાં ૧૦ વર્ષ માટે રૂા. ૩૦૦૦/-
પરદેશમાં વાર્ષિક ડૉલર ૭૫ ● ૫ વર્ષ ડૉલર ૩૦૦
પરદેશમાં ૧૦ વર્ષ માટે ડૉલર ૫૦૦

પ્રકાશક - મુદ્રક

શ્રી મુકેશકુમાર અમૃતલાલ પટેલ
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન,
ઉમિયા જ્યોત વતી ગુજરાત ઑફસેટ, વટવા,
અમદાવાદ ખાતે છપાવી ઉમિયા કેમ્પસ, સોલા
અમદાવાદ ખાતેથી પ્રસિધ્ધ કર્યું.

ઉમિયા જ્યોત દર મહિનાની
૧૫મી તારીખે પ્રસિધ્ધ થાય છે, ૧૮મી તારીખે પોસ્ટ થાય છે.

લવાજમ-લેખો-પત્ર વ્યવહાર માટે

'ઉમિયા જ્યોત' કાર્યાલય
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪, ૬૩૫૪૫૩૬૪૩૬
સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી (રજાના દિવસ સિવાય)
E-mail : editorumiyajyot@gmail.com

અનુક્રમણિકા

umiyamatajiunjha umiyamataunjha



ઉમિયા જ્યોતના તંત્રીસ્થાનેથી

ડૉ. અમૃત પટેલ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

"ઉમિયા જ્યોત"ના આ જ્ઞાનયજ્ઞમાં જોડાવા આપ સહુને હાર્દિક આમંત્રણ છે.

સમાજમાં આર્થિક દાતાઓનું યોગદાન હંમેશાં અમૂલ્ય રહ્યું છે. પોતાના ધનથી સમાજસેવામાં જોડાયેલા અનેક વિરલાઓના દાનથી સમાજ નિખરી ઊઠે છે. પરંતુ, સમાજને સાચી દિશા ચીંધનાર તો 'બૌદ્ધિક દાતાઓ' છે - જેમની કલમ સમાજને ચેતનવંતો બનાવે છે, નવી રાહ બતાવે છે અને યુવા પેઢીને વિચારશીલ કરે છે. વર્તમાન સમયમાં આવી બૌદ્ધિક શક્તિઓની વિશેષ આવશ્યકતા છે.

છેલ્લા છ મહિનાથી આપ સૌ જોઈ રહ્યા છો કે "ઉમિયા જ્યોત"નું કલેવર સંપૂર્ણપણે બદલાયું છે. હવે આ માસિક માત્ર એક સમાચારપત્ર ન રહેતાં, સમાજનો ઇતિહાસ, સંસ્કૃતિ અને ચેતનાનો જીવંત દસ્તાવેજ બનવા તરફ આગળ વધી રહ્યું છે. સમાજનો પ્રાચીન ઇતિહાસ, આગવી સાંસ્કૃતિક ઓળખ અને પરંપરાઓ વિષયક સંશોધન આધારિત લેખો દ્વારા આપણે એક નક્કર દિશામાં આગળ વધી રહ્યા છીએ.

એક ઐતિહાસિક અભિયાનની શરૂઆત

માર્ચ ૨૦૨૬થી આપણે એક અત્યંત મહત્વપૂર્ણ અભિયાન શરૂ કરી રહ્યા છીએ - ભારતભરમાં વસતા તમામ કડવા પાટીદારોની શાખાઓનો ઇતિહાસ એકત્રિત કરવાનું અભિયાન. આ કાર્યની શરૂઆત સૌરાષ્ટ્રના કડવા પાટીદારોની અટકો દ્વારા થઈ ચૂકી છે. આગામી અંકોમાં કચ્છ, દક્ષિણ ગુજરાત (લાલ ચૂડા અને કાળા ચૂડા) અને ઉત્તર ગુજરાતના કડવા પાટીદારોના ઇતિહાસને સ્થાન આપવામાં આવશે. ઉત્તર ગુજરાતની માહિતી એકત્રિત કરવાની કામગીરી હાલમાં પ્રગતિ પર છે. આ માટે સમાજના પ્રમુખો, યુવાનો, સંશોધકો તેમજ ઇતિહાસપ્રેમીઓને નમ્ર વિનંતી છે કે પોતાના સમાજના / વિસ્તારની શાખાઓનો ઇતિહાસ સંકલિત કરી અમને મોકલી આપે. આપના સહયોગથી જ આપણે કડવા પાટીદાર સમાજનું એક બૃહદ અને વિશ્વસનીય ચિત્ર ઊભું કરી શકીશું.

વૈવિધ્યસભર વિષયોનો સંગમ

"ઉમિયા જ્યોત" હવે વિવિધ વિષયોને આવરી લેતા સમૃદ્ધ વિભાગો સાથે પ્રકાશિત થઈ રહ્યું છે :

ઉપનિષદો, પુરાણો અને લોકપરંપરામાં ઉમિયા માતાજીની કથાઓ

પાટીદારોની ઉત્પતિ અને ભ્રમણો

સંતો અને શૂરાપુરા થયેલા મહાનુભાવોનો ઇતિહાસ

સમાજરત્નો અને દાતાઓનો પરિચય

આરોગ્ય, શિક્ષણ, કૃષિ, વેપાર અને ઉદ્યોગ

પ્રેરણાત્મક સાહિત્ય

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ

આ માસિકનું એક વિશેષ પાસું એ પણ છે કે હવે "ઉમિયા જ્યોત" વાંચવાની સાથે સાંભળી પણ શકાય છે. આવનારા સમયમાં આ અંકો માત્ર વર્તમાન માટે જ નહીં, પરંતુ જ્ઞાતિના ઇતિહાસ રસિકો માટે એક અમૂલ્ય સંદર્ભગ્રંથ સમાન બની રહેશે.

યુવાનો અને સર્જકોને આહ્વાન

આ જ્ઞાનયજ્ઞમાં સહભાગી બનવા આપ સૌને મારું હાર્દિક આમંત્રણ છે. જો આપનામાં સર્જકતા છે, સમાજને ઉપયોગી થવાની ભાવના છે અને નવીન વિચારો છે - તો આપના લેખો અમને અચૂક મોકલો. ગામડાઓમાં રહેલી અજાણી માહિતી, લોકપરંપરાઓ કે સંશોધન આધારિત નોંધો - આ બધું જ આપણા સમાજની સાંસ્કૃતિક ધરોહર છે. તેને ઉજાગર કરવાની જવાબદારી આપણી સહિયારી છે.

ખાસ કરીને, કોલેજમાં અભ્યાસ કરતા યુવાનોને અમે વિશેષ આમંત્રણ આપીએ છીએ. આપનો થનગનાટ, ચૈતન્ય અને સર્જનાત્મકતા આ જ્ઞાનયજ્ઞને નવી ઊર્જા પ્રદાન કરશે. જો યુવાનો આ વિચારધારા સાથે જોડાશે, તો સમાજનું ભવિષ્ય નિ:શંકપણે વધુ ઊજ્જવળ બનશે.

આવો, કલમને સાધન બનાવીને સમાજને ચેતનવંતો કરીએ. આવો - જોડાઈએ, લખીએ અને સમાજની આ અમૂલ્ય સાંસ્કૃતિક ધરોહરને નવી પેઢી સુધી પહોંચાડીએ.

આપના લેખો અને વિચારો મોકલવા માટેની માહિતી :

આપ આપનો લેખ ઈ-મેલ, WhatsApp અથવા પોસ્ટ (હાર્ડકોપી) દ્વારા નીચેના સરનામે મોકલી શકો છો :

સરનામું : ઉમિયા જ્યોત કાર્યાલય, કડવા પાટીદાર કુળદેવી,
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન કેમ્પસ,
ભાગવત વિદ્યાપીઠ પાસે, એસ.જી.હાઈવે,
સોલા, અમદાવાદ - 380060

ફોન : 079-27661202

મોબાઈલ / Whatsapp: 63545 36436

E-mail: editorumiyajyot@gmail.com

વિભાગ : ૧ ઉપનિષદો, પુરાણો અને લોક પરંપરામાં ઉમિયા માતાજીની કથાઓ

મા-ભગવતી ઉમા (દુર્ગા) અને મહિસાસુર વધ-પ્રસંગ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

મા-ભગવતી ઉમા (દુર્ગા)



પુરાણોમાં મા ઉમા-પાર્વતી દેવીનાં સૌમ્ય, ગૃહસ્થ અને કરુણા-પ્રધાન સ્વરૂપોનું વર્ણન થયેલ છે. આસો માસની નવરાત્રીમાં છઠ્ઠું નોરતું એટલે મા દુર્ગા-કાત્યાયની; જેને મહિષાસુર મર્દિની પણ કહે છે. મહિષાસુરનો વધ કરનાર મૂલતઃ દેવી ઉમાનું જ આ ઉગ્ર-શક્તિ-સ્વરૂપ છે. મા ભગવતી દુર્ગા એ જ રીતે ચણ્ડિકા-કાત્યાયની પણ પાર્વતીનાં જ શક્તિ-રૂપ છે.

મહિષાસુર દૈત્ય-શિરોમણિ રમ્ભનો મહા-પરાક્રમી પુત્ર બલ, પુલોમાં, નમુચિ તથા વૃત્રાસુરથી પણ અધિક બળ ધરાવતો હતો (સ્કન્દપુરાણ-૧૯/૪). તેણે પોતાના પરાક્રમથી દેવરાજ ઈન્દ્રને હરાવી સમસ્ત દેવોને સ્વર્ગમાંથી દૂર કરી દેવોનાં કાર્યો કરવા લાગ્યો હતો. દેવો તેજહીન બની પૃથ્વી ઉપર ફરવા લાગ્યા. મહિષાસુરના અત્યાચારથી ચરાચર જગતનાં પ્રાણીઓ પીડા પામ્યાં. આ અવસ્થામાં પીડિત દેવો બ્રહ્મા પાસે ગયા. બ્રહ્મા વિષ્ણુ સાથે શિવજી પાસે જઈ આશુતોષને પ્રણામ કર્યા. તેમણે શિવજીને મહિષાસુરથી થયેલ પીડાનું નિવેદન કર્યું કે 'તે સૂર્ય, ચંદ્ર, વરુણાદિ દેવોના કાર્યો પર અધિકાર જમાવી ઉપભોગ કરવા લાગ્યો છે. મુનિ-પત્નીઓને દુષિત તથા ધર્મ-માર્ગનો નાશ કરનાર થશે.' દેવોની આવી દુર્દશા સાંભળી ભગવાન વિષ્ણુ અને શિવે પોતાનાં નેત્રો ચારે બાજુ ઘુમાવ્યાં (શિવપુરાણ,૪૬/૧૦). ક્રોધિત વિષ્ણુ અને શિવનાં મુખથી અને સમસ્ત દેવોની સંયુક્ત તેજસ્વિતાથી દેવી દુર્ગા પ્રગટ થયાં; જે દુર્ગાના ધ્યાનમાં મગ્ન દેવોએ દસે દિશાઓમાં પ્રજ્વલિત તેજપુંજને સ્ત્રી-સ્વરૂપે જોયું.

વેદાન્તી પુરાણકારે એક મજાની વાત કરી છે કે શરીરના અવયવોની રચનામાં દેવોનો અંશ હોય છે. સમગ્ર શરીરમાં વ્યાપ્ત બ્રહ્મરૂપી ચૈતન્યનું વૈવિધ્ય આપણે જોઈ શકીએ છીએ ! અહીં આ ખ્યાલ દેવીની ઉત્પત્તિમાં જોવા મળે છે. ભગવાન શિવના તેજમાંથી દેવીનું મુખ, યમરાજના તેજમાંથી કાળા કેશ, એ રીતે અનુક્રમે વિષ્ણુમાંથી ભુજાઓ, ચંદ્રમાંથી બે સ્તન, ઈન્દ્રમાંથી નિતંબ, બ્રહ્મામાંથી બે ચરણ, સૂર્યમાંથી આંગળીઓ, કુબેરમાંથી નાસિકા, પ્રજાપતિમાંથી દાંત અને અગ્નિમાંથી બે નેત્ર વગેરે સમસ્ત દેવતાઓના તેજપુંજથી દેવીનો આવિર્ભાવ થયો. માતાના ગર્ભમાં વિકાસ પામતા બાળકનાં અંગોમાં દેવોનું વિશિષ્ટ ચૈતન્ય જ રહ્યું હોય છે.

દેવી તો નિઃશસ્ત્ર હતાં. આથી પ્રત્યેક દેવે શસ્ત્ર આપવાનો વિચાર કર્યો; જેમાં ભગવાન શિવે ત્રિશૂળ, વિષ્ણુએ ચક્ર, વરૂણે શંખ, અગ્નિએ શક્તિ, પવને ધનુષ્ય, ઈન્દ્રે બાણોથી ભરેલ તર્કશ અને વજ્રઘણ્ટ વગેરે. આમ ઉપર્યુક્ત દેવતાઓએ પોતાની

વિશિષ્ટતાને પ્રગટ કરતાં શસ્ત્રો આપ્યાં. ક્ષીરસાગર અને સમુદ્રે અનેક વસ્ત્ર, અભેદ કવચ; એમ સમગ્ર દેવોએ દેવીને અસ્ત્ર-શસ્ત્ર- વસ્ત્રોથી સંપન્ન કર્યાં.

બીજી બાજુ મહિષાસુરે સાંભળ્યું કે અરુણાચલમાં સુંદર અને મોહક પાર્વતી દુષ્કર તપસ્યા કરે છે. તેને જોવા એક દૂતિ મોકલી. દૂતિ તપસ્વીનીનો વેશ ધારણ કરી પાર્વતી પાસે પહોંચી કહ્યું કે હે સુંદરી ! આ સ્થાનમાં ભયંકર તપસ્યા કેમ કરે છે ? જે દેવતાઓને પણ દુષ્કર છે. તું શિવની પૂજા કરી રહી હોય તો કામદેવથી વ્યાકુળ તેમણે તને બોલાવવા મને મોકલી છે. દૂતિની મહિષાસુરના સામ્રાજ્ય અને વૈભવની પ્રલોભનકારક સંદિગ્ધ વાતોથી પાર્વતીની માનસિક સ્થિતિ જાણીને વિજયાએ દૂતિને આશ્રમમાંથી બહાર કાઢી મૂકી. એ આ વાર્તાલાપ મહિષાસુરને જઈ સંભળાવ્યો. મહિષાસુર અતિ ક્રોધી બની સમગ્ર સેના સાથે પાર્વતીને પકડવા અરુણાચલ તરફ ચાલી નીકળ્યો. અસુરોની સેનાનો કોલાહલ સાંભળી માતા પાર્વતીએ તપસ્યામાં વિઘ્ન ન થાય એ માટે પોતાના અંશ દુર્ગાને અસુરોનો સંહાર કરવા આદેશ આપ્યો.

દુર્ગા દેવી અરુણાચલ પહોંચેલા અસુરોનો સંહાર કરવા લાગી. આવો સંહાર જોઈ દૈત્ય સેનાપતિ 'ચિક્ષુર' દેવી સાથે યુદ્ધ કરવા આવ્યો. બંને વચ્ચે અસ્ત્ર-શસ્ત્રોથી ભયંકર યુદ્ધ થયું. ચિક્ષુરનો ત્રિશુલથી વધ કર્યો. એ જ રીતે અનુક્રમે દેવતાઓ અને મુનિઓને પીડા આપનાર 'ચામર'ને દેવીના વાહન સિંહે તેનું મસ્તક ધડથી અલગ કરી દીધું. 'કરાલ' દૈત્ય તો દેવીની થપ્પડો અને મુક્કાઓથી મૃત્યુ પામ્યો. એ રીતે 'ઉદ્ધત' દૈત્યને ગદાથી. 'બાષ્કલ' દૈત્યને 'મિન્દિ- પાલ' અસ્ત્રથી, બાણોથી 'તામ્ર'ને અને ઉગ્રવીથી 'મહાહનુ' દૈત્યોને માર્યા. ત્યારબાદ વિડાલ, દુર્ધર અને દુર્મુખ દૈત્યોનો વધ કર્યો. આમ દૈત્યોનાં જેવાં ભયાનક નામ હતાં, તેવા જ તેમના ગુણ હતા. સ્વભાવ અનુસાર નામ મૂકવાં એ પુરાણકારની આગવી શૈલી છે.

દૈત્ય મહાનાયક મહિષાસુર પોતાની સેનાનો સંહાર થતો જોઈ ભયંકર ક્રોધથી દેવી સાથે યુદ્ધ કરવા આવ્યો. તેણે વિભિન્ન પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્રોથી દેવીને મારવાનો પ્રયત્ન



મહિષાસુરમર્દિની, મલાઈ માતાજી, પાલોદર તા. મહેસાણા

કર્યો; પરંતુ અસફળ રહ્યો. મહિષાસુર માયાવી સિંહ બની યુદ્ધ કરવા લાગ્યો. તેણે ક્યારેક વાઘ, હાથી, ભેંસ બની દેવીના સિંહને ઘાયલ કર્યો. ક્યારેક આકાશ અને પૃથ્વી પર જઈ ભયંકર અને અદ્વિતીય યુદ્ધ કરવા લાગ્યો. આ યુદ્ધથી વ્યાકુળ ચરાચર જગતને જોઈ ભેંસ બનેલ અને દેવતાઓનું મર્દન કરનાર મહિષાસુરને દેવીએ પોતાના પગોમાં દબાવી દીધો. તે દૈત્ય પોતાને છોડાવી શક્યો નહીં, ત્યારે માયાથી ભેંસ બનેલ હોવાથી પોતાનું મસ્તક થોડું બહાર કાઢ્યું કે દેવીએ અત્યંત ક્રોધપૂર્વક તલવારથી તેનું મસ્તક કાપી દીધું. યુદ્ધ-ભૂમિમાં જ કાપેલા મસ્તકને લઈ દેવી નૃત્ય કરવા લાગ્યાં. દુર્ગા માતાએ એક હાથમાં તલવાર અને બીજા હાથમાં દૈત્યનું મસ્તક લઈ માતા પાર્વતીને પ્રણામ કર્યા.

હર્ષથી નૃત્ય કરતાં દુર્ગા ઉપર માતા ઉમાએ સ્નેહપૂર્ણ દ્રષ્ટિ કરી કહ્યું કે 'હે દુર્ગા ! તે અત્યંત દુષ્કર કાર્ય કર્યું છે. તારા પ્રભાવથી મારી તપસ્યામાં વિઘ્ન દૂર થયું છે. તારા હાથમાં રહેલ મહિસાસુરના આ અપવિત્ર મસ્તકનો ત્યાગ કરી નવીન પાપનાશક તીર્થને ઉત્પન્ન કરો; જેમાં સ્નાન કરવાથી પાપનું પ્રાયશ્ચિત થશે. પુરાણકાર માને છે કે દુષ્ટની હિંસા કરવાથી પણ પાપ તો લાગે જ છે. અહિંસા એ આપણી સંસ્કૃતિનું વૈદિક અને સનાતન ધર્મનું પ્રધાન અને પ્રેરક મૂલ્ય છે. આવો ધર્મ પ્રત્યેક શરીરમાં પરમ પિતા પરબ્રહ્મનું જ દર્શન કરે છે.

પાપની આશંકાવાળાં દુર્ગા દ્વારા તલવારથી શીલાખંડને

તોડવાથી તે પાતાળ સુધી છિદ્ર યુક્ત થઈ ગયો. તેમાંથી સ્વચ્છ જળ નીકળવા લાગ્યું. એમાં સ્નાન કરવાથી મહિષાસુરના કંઠમાંથી શિવલિંગ નીકળી કિનારા ઉપર સ્થાપિત થઈ ગયું. ત્યાં તે પાપનાશક તીર્થ તરીકે પ્રસિદ્ધ થયું. આપણાં તીર્થોની ઉત્પત્તિ પાછળ પણ પુરાણકારોએ સસંદેશ રોચક કથાઓ મૂકી માનવ જાતને તીર્થો પ્રત્યેની શ્રદ્ધા દ્રઢ કરાવવાનું ઉમદા કાર્ય કર્યું છે.

મહિષાસુરના પરાક્રમથી માતા દુર્ગા-મા ઉમાના ચરિત્રમાં આદરણીય નિખાર આવ્યો છે. જો તે વીર ન હોત તો માતા દુર્ગાનું આ અદ્‌ભુત ચરિત્ર પ્રાણીઓને સાંભળવા ન મળત. આમ પુરાણકારો માનવ જાતના કલ્યાણ માટે દુર્જનનો નાશ, દુર્જનોની કુદ્રષ્ટિનું પરિણામ, અહિંસાની ભાવના, યુદ્ધ-કૌશલ્ય, વેદ-વેદાંતનું મહત્ત્વ પોતાની રોચક સાહિત્યિક શૈલીમાં રજૂ કરે છે. સજ્જન અને દુર્જન પ્રત્યે સમભાવ દ્રષ્ટી રાખવી એ પુરાણોની આગવી દેણ છે.

મા ઉમા-પાર્વતી પ્રત્યેની ભક્તિ જો દ્રઢ થાય તો ભારતીય સમાજમાં અંધશ્રદ્ધા દૂર થઈ બિનસામ્પ્રદાયિક્તાનો ભાવ ઉજાગર થાય. સમતા, સમત્વ, સમાનતા અને એકતાની ભાવના સમગ્ર માનવ સમાજને કલ્યાણ તરફ લઈ જઈ શકે.

સંદર્ભ :

❖ સંદર્ભ : અનુ. કન્હૈયાલાલ મિશ્ર, માર્કણ્ડેયમહાપુરાણ, હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ, અલ્હાબાદ. અ.૮૦

વિશેષ : તંત્રીશ્રીની નોંધ :

માર્કણ્ડેયપુરાણની આ કથા પ્રમાણે મહિષાસુર રાક્ષસનો વધ કરનારી મહિષાસુરમર્દિની દેવીના મૂર્તિ વિધાન પ્રમાણેની પ્રાચીન પ્રતિમા જ હાલના કડવા પાટીદાર કુળદેવી ઉમિયા માતાજી ઊંઝાના જગપ્રસિધ્ધ મંદિરમાં આવેલી છે. અમદાવાદના અસારવામાં મધ્યકાલીન સમયથી ઉમિયા માતાજીનું મંદિર આવેલું છે. તેમાં પણ માતાજીનું મૂર્તિવિધાન મહિષાસુરમર્દિનીનું રાખવામાં આવેલું છે.

આ જ પ્રમાણે પાંચગામ લેઉવા પાટીદારોના મણુંદ ગામમાં લેઉવા પાટીદારના કુળદેવી ખમલાઈ માતાજીની પ્રતિમા પણ મહિષાસુરમર્દિની છે. તે જ પ્રમાણે સંડેર ગામના લેઉવા પાટીદરોના કુળદેવી સંડેરી માતાની પ્રતિમા પણ મહિષાસુરમર્દિની સ્વરૂપની છે. તેજ પ્રમાણે વાલમના લેઉવા પાટીદારોની કુળદેવી સુલેશ્વરી માતાજીની પ્રાચીન મંદિરની પ્રતિમા પણ મહિષાસુરમર્દિની સ્વરૂપની છે. પાટીદાર સમાજ માતાજીના આ મહિષાસુરમર્દિની સ્વરૂપને પૂજતો આવ્યો છે. બ્રાહ્મણવાડામાં પેપળશીમા, કામલી ગામમાં ગલતી માતા, પાલોદરમાં મલાઈ માતા, સુણોક ગામમાં સવર્ણિમા (સુલેશ્વરી માતા), ઊંઝામાં નમેણમાતા, બાળોજ માતા, વડેચી માતા, આવા અસંખ્ય ઉદાહરણો જોવા મળે છે.

ડૉ. સમીરકુમાર કે પ્રજાપતિ



વિભાગ : ૨ પાટીદારોની ઉત્પત્તિ, ઈતિહાસ અને ભ્રમણો

સૌરાષ્ટ્રના કડવા પટેલોની યાદી

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

સૌરાષ્ટ્રના કડવા પટેલોની યાદી

(ક) કરડાણી, કણસાગરા, (કહાંગરા), (કણાંગરા), કનેરીયા, કલોલા કડીવાર, (કડેવાર), કમાણી, કગથરા, કડવાણી, કરણાતા, કકાસણીયા, કડછી, કણક, કવાડીયા, કમોયા, કનોડીયા, કરભીયા, કનેજીયા, કારાવડીયા (કાલાવડીયા) કાલરીયા, કાસુંદ્રા, કાથરોટીયા, કાનાણી, કાવઠીયા, કારોલીયા, કાચરોલા, કાવર, કાશીપરા, કાનેટીયા, કારોરીયા, કાસોડીયા, કાછેટીયા, કામરીયા, કાહોડીયા, કાસોટીયા, કાઠીયાવાડી, કુકરવાડીયા, કુકડીયા, કુણપરા, કેશરાણી, કેરાળીયા કોરડીયા (કોડીયા) કોઠડીયા, કોટડીયા, કોઠીયા, કોરવાડીયા, કોલાદરા, કૈલા, કંટારીયા, કંડીયા, કંટેસરીયા, કાંજીયા, કુંડારીયા, કુંડાલીયા (કુંડલીયા) કુંજડીયા, કાસોદરીયા, કોરીંગા

(ખ) ખરેડ, ખડસલીયા, ખડુવાળા, ખરડીયા (ખડીયા), ખાનપરા, ખાવડીયા, ખાચર, ખાવડા, ખીરસરીયા, ખેરવા, ખોખલ, ખોખાણી, ખંડીયા, ખંભાળીયા, ખાંડીવાળ, ખાંટ, ખદલપરા

(ગ) ગરાળા, ગડારા, ગટેસણીયા, ગરધરીયા, ગઢીયા, ગલાણી, ગરમોરા ગામી, ગુડલીયા, ગુમાસણા, ગુયા, ગુજરાતી, ગુંજારીયા, ગાંભવા, ગાંગડીયા, ગાંભા, ગોધાસરા, ગોધાણી, ગોટી (ગોઠી), ગોવાણી, ગોર (ગોળ, ગોલ) ગોધવીયા, ગોપાણી, ગોજારીયા, ગોટી (ગોઠી) ગોદવાણી, ગોરૈયા, ગોમતીપુરા, ગોધાતર, ગોધાવરીયા, ગોંઢા, ગોલાદરા

(ઘ) ઘાઘરા, ઘાટોડીયા, ઘેટીયા, ઘોડાસરા, ઘુમલીયા, ઘુસડીયા

(ચ) ચપલા, ચનીયારા, ચડાસણીયા, ચરાડીયા, ચમકવાળા, ચંદ્રાલા, ચંદેસરા, ચત્રોલા, ચાપડીયા, ચાવડા, ચાડમીયા, ચારોલા, ચાપાણી, ચાડસણીયા ચાકરીયા, ચીકાણી, ચીખલીયા, ચોખલીયા, ચોવટીયા (માકડીયા), ચાંગેલા, ચાંચડ, ચુંબકીયા

(છ) છત્રાળા, છત્રોલા, છમીચીયા, છેલૈયા

(જ) જસાણી, જગોદરા, જગદેસણીયા, જસાપરા જાવિયા, જાગાણી, જાકાસણીયા, જાખણીયા, જામરીયા, જારસાણીયા, જાસકીયા, જાંજરરૂકીયા, જેઠલોજા, જેતપરીયા, જેતાણી, જીવાણી, જીણજા, જીથરા, જીણોજીયા, જુલાસણા, જોટાણીયા, જોધાણી, જોટાસણા, જાંગીપરા, જાનવા

(ઝ) ઝાટકીયા, ઝાલાવડીયા, ઝાલોડીયા, ઝુલડા, ઝાનવા, ઝાલરીયા

(ટ) ટીલવા, ટીટોડીયા, ટ્રેટીયા (તરેટીયા) ટોપલીયા

(ઠ) ઠાણીયા, ઠોરીયા (ઠોળીયા)

(ડ) દરાણીયા, ડારા (અધેરા) ડેડકીયા, ડેડાણીયા



(ડેડાસણીયા) ડેલીવાળા, ડેકાવાડીયા (ડેકીવાડીયા), ડાંગરોશીયા (ડાંગરૂચિયા), ડોરી, ડુંગરાણી, ડેલીવાળા (માકડીયા), ડુંગરવાળા (માકડીયા)

(ઢ) ઢોલ, ઢેઢી (માકડીયા)

(ત) તળાવીયા, તલવાણીયા, તાજપરા, ત્રાંબડીયા, ત્રાસદીયા, તેલારીયા, તમાસણા, તારપરા

(થ) થડોદા

(દ) દસલાણીયા, (દસલાણી), દરાણીયા, દસાડીયા, દાવડા, દાણાદડીયા, દાવા, દાઉવા, દેસાઈ, દેપાણી, દેલવાડીયા, દેત્રોજા, દેલોલીયા, દેવાણી, દુધાત, દુદાણી, દંતાલીયા, દેકાવાડીયા, દેથડીયા દલસાણીયા

(ધ) ધરસંડીયા, ધનાણી, ધમાસણા, ધડુસ, ધમસાણીયા, ધાણેજા, ધામત, ધ્રાસોટીયા, ધીંગાણી, ધુલેશીયા, ધુમલીયા, ધોરી, ધાનજા, ધોરીયાણી, ધુલીયા (ધુડીયા) ધોલવાડીયા, ધોળુ

(ન) નરોડીયા, નનાણીયા, નવાપરીયા, નહાર, નગરા, નગરીયા, નાદપરા, નાગપરા, નારિયા, નાયકપરા, નાર, નાના લબકામણા, નારીયાણી, નાણાવટી, નેસડીયા, નંદાસણા (નંદવાણા) નંદાણા, નસીત

(પ) પરિયા, પનારા, પબાણી, પડસુંબીયા, પરવાડીયા, પરેશા (પરેચા) પટેલ (મીસ્ત્રીવાળા) પરસાણીયા, પાણ (પહાણ) પાડલીયા, પાચાણી, પારસીયા, પાડોદરા, પાચોટીયા, પારેજીયા, પાનસરા, પારેખ, પાંભર, પીંઢોળીયા, પીંઢોરીયા, પેસીવાડીયા, પુંદેરીયા, પંચાસરા, પૈજા, પુંભડીયાં (માકડીયા) પડસાણા (પણસારા)

(ફ) ફળદુ, ફતેહપરા, ફીણાવા, ફુલેત્રા, ફુલતરીયા, ફેફર, ફેસડીયા, ફોક, ફડદલીયા, ફીણાવીયા

(બ) બકોરી, બરાસરા, બરોચીયા, બડોદરીયા, બલાસરા, બલોલીયા, બફલીપરા, બડુસ, બડીંગ, બાથાણી, બાવરીયા, બારીયા, બાણગોરીયા, બારૈયા, બાવરવા, બાપોદરીયા, બાવલીયા, બાવળીયા, બુટાણી, બુડ, બેચરા, બેરા, બેડીયા, બોડા, બોરીસણા, બોપલીયા (બાપોલીયા) બોકડવાડીયા, બોરસાણીયા, બુડાસણા, બડોદરીયા (મોટેરીયા)

(ભ) ભડાણીયા, ભટાસણા, ભલાણી, ભલગામડીયા, ભટાણા, ભગતવાળા, ભાલોડીયા, ભાલોડી, ભાણવડીયા, ભાડજા, ભાવનગરીયા, ભાણપરા, ભાવડીયા, ભારાણી, ભાયાણી, ભાટીયા, ભાંડવા, ભીલા, ભુવા, ભુત, ભુંગાણી (બરલીયા), ભેસદડીયા, ભોજાણી (માકડીયા) ભોરણીયા, ભોલવાળા, ભુત (ગામી), ભાભાવાળા (માકડીયા), ભીમાણી

(મ) મકવાણા, મકાતી, મણવર, મલ્લી, મગુનીયા (બોકરવાડીયા) મસોત, મનીપરા, મણીપુરીયા, મખલીપરા, મેઘાણી (માકડીયા) માકડીયા, માખેસણા, માણાવદરીયા, માણસુરીયા, મારસોણીયા, મારવણીયા, મારડીયા, માકાસણા, માથોલીયા, માતરીયા, માલાસણા, માલવણીયા, માઢીયા, માથાસોળીયા (માથાસુરીયા) માલમપરા, માટલીયા, માંડવીયા, માનીપરા, મીઠાપરા, મીંજરોલા, મુરસાણીયા (મોરસાણીયા), મુંદડીયા, મેંદપરા (મેનપરા) મેઘપરા, મેરજા, મેતલીયા મેથાણીયા, મેરવાડીયા, મેવા, મોટેરીયા (બડોદરીયા) મોરી, મોકાણી, મોટકા, મોરડીયા, મોટા લબકામણા, મોડીયા, મોરબીયા, મૈયાત

(ર) રઘુવંશી, રબારા, રતનપરા, રજોડીયા, રણાસણીયા, રંપરીયા, રામાણી, રંગપરા, રમોલીયા (રામોલા) રાણીપા, રાડીયા, રાસડીયા (રાછડીયા) રાસમીયા, રાણજા, રાજપરા, રાજકીટીયા, રાછડીયા, રાબડીયા, રામજા, રાકજા, રાંધેશીયા, રૂપાલા, રૂદાતલા,



રૂપારેલીયા (રૂપેલીયા) રૂદાપલા, રૈયાણી, રોકડ, રોજીવાડીયા, રોજમાળા, રાણીકાવાડા

(લ) લખતરીયા, લાડાણી, લાલકીયા, લાલપરા, લાડોલા, લાણીયા, લાલાણી (માકડીયા), લાડપરા, લાખાણી, લાકડીયા, લાંઘણોજા (લાંગળેચા), લસણીયા (માકડીયા)

(વ) વકુડીયા, વડનગરા, વડારીયા, વરાસડા, વડાવીયા, વરમોરા, વનાળીયા, વરડીયા, વરસડા, વસાણી (વસાણીયા), વજીપરા, વસોયા, વસીયાણી, વડસોલા, વડગાસીયા, વાગડીયા, વાછાણી, વામજા, વાઘડીયા, વાંસજાડીયા (વાજડીયા) વાઘાણી, વાનાણી, વાજોડીયા, વાંસદડીયા, વારજા, વિલપરા, વિરજા, વાઘોડીયા, વાઘરોડીયા, વાઘરીયા, વાંકડીયા, વાસણીયા, વિરપરિયા, વિરમગામા, વિકાણી, વિરોલા, વિડજા, વિરપરા, વિસલપરા, વિરસોડીયા, વિરોજા, વિઠલાપરા, વિશનોરીયા, વિસાણીયા, વિછણીયા, વિસનગરા, વેગડા, વેકરીયા, વેગડ, વેણાવાળા, વૈશ્નાણી, વૈશ્નવ (માકડીયા), વાલાસવા (માકડીયા) વાલાણી

(સ) સવસાણી, સનારીયા, સવાણી, સતાપરા, સઈજા, સદાતીયા, સરડવા (સડવા), સબાપરા, સમતરીયા, સદરાસણીયા, સરોડીયા, સરખેદી, સરાવાડીયા (સસાવાડીયા, સરસાવાડીયા) સડાણીયા (સડાસણીયા), સવાડીયા, સનાવડા, સરખેજી, સંઘાણી, સંતોકી, સાપરીયા, સાપોવડીયા, સાકરીયા, સાદરીયા, સાવલીયા, સારણીયા, સાનેપરા, સાણંદીયા, સાવરીયા (સુવારીયા) સાતુનીયા, સાણજા, સાવજ, સાપરિયા (બારીયા), સાવદ્રા, સાકરવાડીયા, સીતાપરા, સીણોજીયા, શિહોરા (શિઓરી, શીશ, શેરા) સીરજા, શીરવી, શીશાંગીયા, સિધ્ધીવાળા, શિયાત (કાગદી), સુરજા, સુરેજા, સુરાણી, સુતરીયા, શુળીયા, સેજાણી, સુજાતપુરીયા, સેવરા (સેવટા) શેખાત, સેરઠીયા, સેરસીયા, શેઠીયા, શેખલીયા, શેઢાળીયા, શોખડાયા (શોખલીયા) સોરઠીયા, સોરીયા, સોલાધરા, શોભાસણા (શોભાણા) સોળીયા, સોડમીયા, શોખરાયા, સોનારા, સામાણી (માકડીયા), સવાયા (માકડીયા), સીસોટીયા

(હ) હળવદીયા, હરણીયા, હદવાણી, હરણાવા, હરીપરા, હજારી, હાસલપરા (હાલપરા) હાંસલીયા, હાડી, હાજીપરા, હાલપરા, હીરાણી, હિંગરાજીયા, હિંસુ, હીડાણા, હુડકા, હુલાણી, હેદપરા, હોથી, હોરા, હરણાહોડા, હીરપરા

(અ) અધેરા (અધારા) અધ્ધુક, અમૃતિયા, અધેરા (ભુવા) આદોદરીયા, અરણીયા, અડોદરા, અલોડીયા, આસરા, અંદિપરા, અંદરપા, અંબાણી, અંબારીયા, આરદેશણા, આલોન્દ્રા, આજોલીયા, આલોદરીયા, આખજા, આગોલા, આસજોલીયા, આંબલીયા, એરવાડીયા, એવિયા, એરાણીયા, એદપરા, આંકોલા, ઓડીયા, ઓઢા (ઓઢવીયા), ઓગણદા, એણીયા, આંગણોજા, આંબલીયાળા, આદ્રોજા, આદ્રોલા

(ઉ) ઉકાણી, ઉઘરોજા (કોરંગા) ઉંજીયા, ઉંટેસીયા, ઉનાલીયા, ઉભડા

(ઈ) ઈસોટીયા, ઈંગરોળીયા



દેવરાજભાઈ કરડાણી



વિભાગ : ૩ પાટીદાર જ્ઞાતિ ઇતિહાસની અટારીએથી

કરુણા મૂર્તિ અને વેદાંત માર્તંડ :
બ્રહ્મચારી શ્રી હરિભાઈ બાપુશ્રીનું જીવન અમૃત

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

શ્રી હરિભાઈ બાપુશ્રી



જીતોડા, તા. ચાણસ્મા, જિ. મહેસાણા

ભારતની આધ્યાત્મિક પરંપરામાં 'સંત' એ કોઈ પદવી નથી, પણ એક અવસ્થા છે. જ્યારે કોઈ આત્મા સંસારના મોહ-માયાના બંધનો તોડી, 'સ્વ' ના કલ્યાણની સાથે 'પર' ના કલ્યાણ માટે નીકળી પડે છે, ત્યારે તે મહાપુરુષ બને છે. ઉત્તર ગુજરાતની પવિત્ર માટીમાં જન્મેલા પરમ પૂજ્ય બ્રહ્મચારી શ્રી હરિભાઈ બાપુશ્રી એક એવા જ જીવનમુક્ત મહાપુરુષ હતા, જેમણે પોતાના જીવન દ્વારા સિદ્ધ કર્યું કે "બ્રહ્મ સત્યં જગન્મિથ્યા" એ માત્ર શ્લોક નથી, પણ જીવવાની કળા છે.

૧. પ્રાગટ્ય અને દિવ્ય બાળપણ :

સંવત ૧૯૬૪ની સાલમાં મહેસાણા જિલ્લાના ચાણસ્મા તાલુકાના જીતોડા ગામે એક તેજસ્વી બાળકનું અવતરણ થયું. પિતા અંબારામભાઈ અને માતા ધનલક્ષ્મીબાના આંગણે જન્મેલા આ બાળકનું નામ હરિભાઈ રાખવામાં આવ્યું. કહેવાય છે કે જ્ઞાની પુરુષો જન્મથી જ સંસ્કારો લઈને આવે છે. હરિભાઈની દિવ્ય કાંતિ જોઈને વિદ્વાનોએ ભવિષ્યવાણી કરી હતી કે આ બાળક આધ્યાત્મિક જગતમાં સૂર્યની જેમ તપશે. માત્ર દોઢ વર્ષની વયે પિતાનું છત્ર ગુમાવ્યા બાદ માતાએ અત્યંત કષ્ટ વેઠીને તેમનો ઉછેર કર્યો, પણ હરિભાઈનું ચિત્ત તો પરમાત્મામાં પરોવાયેલું હતું.

૨. હૃદય પરિવર્તન : હિંસામાંથી અહિંસા તરફ :

બાપુશ્રીના જીવનની સૌથી મોટી ઘટના તેમના ખેતરમાં બની હતી. યુવાનીમાં માતાને ખેતીકામમાં મદદ કરવા જતી વખતે તેમણે જોયું કે હળ ચલાવતી વખતે જમીનમાં રહેલા અનેક નાના જીવજંતુઓ મૃત્યુ પામે છે. આ દ્રશ્ય જોઈ તેમનું કોમળ હૃદય કંપી ઊઠ્યું. . તેમને વિચાર આવ્યો કે, "જે પરમાત્માએ દરેક જીવમાં પ્રાણ પૂર્યા છે, તે જીવનો નાશ કરવાનો મને શું અધિકાર?" તે જ ક્ષણે તેમણે હળ છોડી દીધું અને વૈરાગ્ય ધારણ કરવાનો મક્કમ નિર્ધાર કર્યો. તેમણે વિચાર્યું કે ભીખ માંગીને જીવવું સ્વીકાર્ય છે, પણ કોઈ જીવને ત્રાસ આપવો પાપ છે. આ ઘટના તેમના જીવનનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ.

૩. ગુરુ શરણાગતિ : જ્ઞાનનો સૂર્યોદય :

ગુરુ વગર ગતિ નથી. સંવત ૧૯૮૫માં માત્ર ૨૦ વર્ષની વયે માતાની રજા લઈ હરિભાઈ બાપુ હરદ્વાર પહોંચ્યા. ત્યાં તેમનો ભેટો સમર્થ સદ્ગુરુ શ્રી ૧૦૮ સ્વામી જનાર્દનતીર્થજી સાથે થયો. ગુરુ મહારાજે હરિભાઈની આંખોમાં જ્ઞાનની પ્યાસ જોઈ લીધી.

ગુરુ પાસે રહીને તેમણે અત્યંત કઠિન સાધના કરી. તેમની સમયસૂચકતા એવી હતી કે જ્ઞાન મેળવવામાં એક ક્ષણ પણ વ્યર્થ ન જાય તે માટે તેઓ શાક બાફીને ખાતા જેથી વાસણ સાફ કરવા જેવો સમય પણ બચી શકે. ગુરુએ તેમને 'વિચાર ચંદ્રોદય', 'આત્મપુરાણ' અને 'ઉપનિષદો'નો ગહન અભ્યાસ કરાવ્યો. ગુરુના આશીર્વાદ હતા: "જા તને આવડશે", અને ખરેખર હરિભાઈ બાપુ વેદાંતના પ્રખંડ પંડિત બન્યા.

૪. સાક્ષી ભાવ અને વિદેહ અવસ્થા :

હરિભાઈ બાપુ માત્ર પુસ્તકિયા જ્ઞાની નહોતા. ૨૧ વર્ષની વયે તો તેઓ 'સાક્ષી ભાવ' માં સ્થિત થઈ ગયા હતા. જ્યારે અન્ય શિષ્યો વેદાંતના શબ્દોમાં ગૂંચવાયેલા રહેતા, ત્યારે બાપુશ્રીની વૃત્તિ સદાય બ્રહ્મમાં લીન રહેતી. કનખલ (હરિદ્વાર) મુકામે પૂજ્ય ગુરુદેવે સ્વયં પોતાની ગાદી પર હરિભાઈ બાપુને બેસાડી તેમને

આધ્યાત્મિક વારસદાર જાહેર કર્યા. આ પ્રસંગ સાક્ષી હતો કે એક સાચો શિષ્ય જ્યારે અહંકાર ઓગાળી નાખે છે, ત્યારે તે ગુરુસ્વરૂપ જ બની જાય છે.

૫. ત્યાગની પરાકાષ્ઠા :

સંવત ૧૯૯૦માં ગુરુ મહારાજ બ્રહ્મલીન થયા બાદ બાપુશ્રીએ સર્વસ્વનો ત્યાગ કર્યો. તેમણે સાબિત કરી દીધું કે સાચો ત્યાગ વસ્ત્રો બદલવામાં નથી, પણ મનની એષણાઓ (વાસનાઓ) છોડવામાં છે. તેમનું જીવન 'જીવનમુક્ત' પુરુષનું જીવંત ઉદાહરણ હતું.

પૂજ્ય હરિભાઈ બાપુશ્રીનું જીવનચરિત્ર આપણને પ્રેરણા આપે છે કે જો મનમાં દ્રઢ સંકલ્પ અને ગુરુ પ્રત્યે અનન્ય શ્રદ્ધા હોય, તો ગમે તેવી ગરીબી કે મુશ્કેલી આધ્યાત્મિક માર્ગમાં આડે આવતી નથી. આજે પણ તેમનો જીવન-પ્રકાશ અનેક મુમુક્ષુઓના માર્ગને આલોકિત કરી રહ્યો છે.

તેમણે લખેલા અસંખ્ય ભજનો પૈકી કેટલા નમૂનાના ભજનો જોઈએ :

ભજન - ૧

મેરા સદ્‌ચિદ્ આનંદરૂપ, કોઈ કોઈ જાંણે રે (૨)
દ્વૈતવચનકા મૈ હું સૃષ્ટા, મનવાણીકા મૈ હું દ્રષ્ટા,
મૈ હું સાક્ષીરૂપ....... કોઈ કોઈ જા'ણે રે... મેરા ૦૧

ભજન - ૨

પ્યારે જસતો મનમે વિચારો કયા સાથે અરૂ લે ચલોગે,
જાયે યહી સાથ સદા પોકારો, ગોવિંદ દામોદર માધવેતિ,
હે કૃષ્ણ હે યાદવ હે સખેતી...
ગોવિંદ.....
નારી ધરા ધામ સુપુત્રી, સદ્‌મિત્ર સદ્‌બાંધવ દ્રધ્ધ સારે,
કોઈ નાવે સાથે, હરિ કો પોકારો...
ગોવિંદ.....

જ્ઞાનકા સ્વરૂપ

બ્રહ્મૈવાહ સમશ્શાન્તરસચ્ચિદાનન્દ લક્ષણાઃ ।
ના હં દેહો હ્યસદ્રૂપો જ્ઞાનમિત્ત્યુચ્યતે બુધૈઃ ॥
નિર્વિકારો નિરાકારો નિરવદ્યોહમવ્યયઃ ।
ના હં દેહા હ્યસદ્રૂપો જ્ઞાનમિત્યુચ્યતે બુધૈઃ ॥



શ્રી હરિભાઈ બાપુશ્રી પ્રતિમા



જનાર્દન તીર્થ આશ્રમ, જીતોડા



ગોવિંદભાઈ પટેલ

પાટીદાર સુરાપુરા

કડવા પાટીદાર - ગોપાણી પરિવાર
ગામ : નેસડા, તા. ટંકારા, જિ. મોરબી

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



કડવા પાટીદાર - ગોપાણી પરિવાર,
ગામ : નેસડા તા. ટંકારા જિ. મોરબી

નેસડા ગામે શૂરાપુરા બાપા શ્રી ગોપાલબાપાનો પાળિયો પૂજાય છે. કડવા પાટીદાર પરિવાર ગોપાણી અટકનાં પરિવારો પૂજે છે. શ્રી ગોપાલબાપાની ખાંભી મોરબી પાસેના થોરાળા ગામે કેળડાના ઝાડ નીચે પૂજાય છે અને બાપાનો પાળીયો નેસડા ગામે પૂજાય છે.

ગોપાલબાપા ખૂબ જ હિંમતવાળા અને શૂરવીર હતા. લૂટારાઓ ગાયો લૂંટવા આવેલા ત્યારે ગોપાલબાપા લૂંટારાઓ સામે હથિયાર લઈને ધીંગાણે ચડ્યા અને જબરું ધીંગાણુ થયું. ગોપાલ બાપાએ ઘણા લૂંટારાઓને ઘાયલ કર્યા અને માર્યા. આમ બાપાએ પોતાની શૂરવીરતા બતાવી. પોતે પણ ઘણા ઘાવ ઝીલ્યા લૂટારાઓ બાપાનું શૂરાતન જોઈ ભાગી ગયા. બાપાએ ગામની ગાયો બચાવી બાપા પણ લોહીથી ભીંજાયા અને લોહીની ધારાઓ વહેલા લાગી, બાપા મર્દાનગીથી વીરગતિને પામ્યા. ગોપાલબાપાએ કડવા પાટીદારની ગોપાણી અટકને તથા થોરાળા, નેસડા ગામને ઊજળું કરી દેખાડ્યું. શ્રી ગોપાલબાપાનો પાળિયો નેસડા ગામે કડવા પાટીદાર ભાડજા અટકના પ્રાગજીભાઈની વાડીમાં (ખેતરમાં) આજે પણ શૂરવીરતાની ગાથા સામો ઊભો છે.

"""નથી જાણ્યુ અમારે પંથ શી આફત ખડી છે
ખબર એટલી છે કે ગૌ માતાની હાકલ પડી છે"
લાલ કંકુનાં ચાંદલાને ભાલે (કપાળે) તાણજો કેશર આડે રે
તેદી સંદુરિયા થાપા ખાંભી માથે ઝીલવા બાપા

આમ ગોપાલ બાપાએ ગામની ગાયો બચાવવા પોતાનાં પ્રાણ આપ્યા, ધન્ય છે ગોપાલ બાપાની શૂરવીરતાને ધન્ય છે માં ધરતીને કે આવા શૂરવીરો આ ધરતીમાં પાક્યા છે.

શૂરાપુરા શ્રી ગોપાલ બાપાના નૈવેદ્ય કાળી ચૌદશે ચોખાનાં ધરવામાં આવે છે. સવાપાલી ચોખાના નૈવેદ્ય ધરાય છે. કડવા પાટીદાર ગોપાણી પરિવારો શ્રાવણ માસના પ્રથમ સોમવારે અથવા નાગપાંચમનાં દિવસે સરખરીયા દાદા (નાગદાદા)નાં તલવટ (ગોળ અને તલ ખાંડવા) ધરી નાગદાદાનું પૂજન કરી સૌ પરિવારો પ્રસાદી લે છે. આ તલવટની પ્રસાદી ખેતરે પણ ઉડાડવામાં આવે છે અને નાગદાદા ખેતી કરતા ખેડૂતોનું રક્ષણ કરે છે એવી ભાવનાઓ આમાં જોડાયેલી હોય છે. નેસડા ગામે બહુચર માતાજીનો મઢ બનાવવામાં આવેલ છે. સૌ પરિવારો પગે લાગી પ્રસાદી ધરે છે.

"ધરમ ધીંગાણે માથા મૂકે ઈ ગાયોના રખેવાળ
શિર પડેને ધડ લડે એનાં વધામણા વૈકુઠ જાય"
શ્રી ગોપાલબાપાની જય હો
શ્રી ઉમિયા માતાજીની જય હો
શ્રી બહુચર માતાજીની જય હો

નોંધ : સુરેન્દ્રનગર જીલ્લાનાં હળવદ પાસેનાં નવા ધનશ્યામગઢ ગામે ગોપાણી પરિવારનાં એંશી જેટલા ઘરોનો વસવાટ છે. આ ગામે વસેલા ગોપાણી પરિવારોએ પણ શ્રી ગોપાલબાપા (શૂરાપુરા) બાપાનું દેવભુવન બાંધેલ છે. આ ગામે વસતા પરિવારો બાપાના નૈવેદ્ય ધરી પગે લાગે છે. આ ગામે કુલ ત્રણ મંદિર બાંધવામાં આવેલા છે. (૧) શ્રી ઉમિયા માતાજી (૨) શ્રી બહુચર માતાજી (૩) શ્રી ગોપાલબાપા, આ મંદિરે સ્નેહમિલનો યોજાય છે અને સૌ પ્રસાદી ગ્રહણ કરે છે.

પાટીદાર સુરાપુરા

"કડવા પાટીદાર ખાંડીવાળ પરિવાર"

ગામ : ગોરસર તા. સાયલા જિ. સુરેન્દ્રનગર

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

ગામ : ગોરસર તા. સાયલા જિ. સુરેન્દ્રનગર



"કડવા પાટીદાર ખાંડીવાળ પરિવાર"

ગામ : ગોરસર તા. સાયલા જિ. સુરેન્દ્રનગર

ઝાલાવાડની પાવન અને શૌર્યવંતી ધરતીમાં અનેક દાતાઓ તથા શૂરવીરો જન્મ્યા છે. જેમણે નેક અને ટેક માટે પોતાના માથાં ઉતારી દીધાં છે. એ બલિદાનોના પાળીયાઓ આજે પણ તેની અમરગાથાઓ સાચવીને અડીખમ ઉભા છે. આવો જ એક પાળીયો સાયલા પાસેનાં ગોરસર ગામે કડવા પાટીદારની ખાંડીવાળ અટકના શૂરાપુરા બાપાનો પૂજાય છે.

આ શૂરાપુરા બાપા ખૂબ જ બળવાન અને હિંમતવાળા હતા. ગામની જાન જ્યારે બીજે ગામ પરણવા જતી ત્યારે જાનનું રખોપું બાપાને સોંપવામાં આવતું. આ શૂરાપુરા બાપા ઘોડે બેસી હાથમાં હથિયાર લઈ જાનના ગાડાની આગળ ચાલતા. એક વખત લૂટારાઓ જાન લૂટવા આવ્યા. ત્યારે બાપાએ એ લૂટારાઓને હાકલ મારી કે મારી જાનને લૂટાવા નહી દઉં. બાપાએ મ્યાનમાંથી તલવાર કાઢી લૂટારાઓ સામે ધીંગાણે ચડ્યા. ઘણા લૂટારાઓને માર્યા પોતે પણ સામી છાતીએ ઘણા ઘાવો ઝીલ્યા. લૂટારાઓ બાપાનાં શૂરાતનને જોઈ ભાગ્યા. બાપાને જાન લૂટાતી બચાવી. બાપા પણ લોહીથી રંગાયા, બાપાનાં અંગોમાંથી લોહીની ધારાઓ છૂટી બાપા જાન બચાવી વીરગતિ પામ્યા. બાપાએ ગોરસર ગામને ઊજળું કર્યુ ધન્ય છે, બાપાની વીરતાને.

કંકુવરણી ભોમકા સરવો સાલેમાળ

નરપટાદાર નિપજે પડજોવો પાંચાળ.

પાંચાળની ભૂમિને વંદન હો.

શૂરાપુરા બાપાની જય હો.

બાપાના નિવેદ : કાળી ચૌદશે ચોખાનાં ધરાય છે.



દેવરાજભાઈ કરડાણી

વિભાગ : ૪ પાટીદાર સમાજના રત્નો

કડવા પાટીદાર કવિ નરહરિ : મધ્યકાલીન જ્ઞાનમાર્ગીધારાનું તેજસ્વી શિખર

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં જ્ઞાનીકવિ-સંતકવિ-ભક્તકવિ તરીકે ઓળખાતા નરહરયદાસ-નરહરિદાસ એક સમૃદ્ધ કવિ હતા. કવિ નરહરિ તરીકે તેમનું નામ વિશેષ પ્રચલનમાં આવ્યું છે. કડવા પાટીદાર જ્ઞાતિમાં અનેક સંતો, ભક્તો, દાનવીરો, શૂરવીરો, કવિ, લેખકો અને રાજવીઓ થઈ ગયા છે. ઉત્ખનન કરવામાં આવે તો ગજગજ છાતી ફૂલે અને ગૌરવ લઈ શકાય એવા અનેક સમરથ પુરુષો થઈ ગયા હોવાની માહિતી મળી આવે તેમ છે. નરહરિનો જન્મ ક્યારે થયો, તેના માતા-પિતા કોણ હતા અને તેના પરિવાર વિશે કોઈ માહિતી મળતી નથી. સાહિત્ય સર્જન કરીને જાણે અંધાર પછેડી ઓઢીને નીકળી ગયા છે, એક સમ ખાવા પૂરતી તસ્વીર પણ મળતી નથી. એમની કૃતિઓમાં ઈ.સ. ૧૬૧૬-૧૬૫૩ સુધીમાં રચના અને સાલ મળે છે. તેના આધારે તેઓ ઈ.સ. ૧૭મી સદીમાં થયા હોવાનું કહી શકાય. ઈ.સ. ૧૫૯૧-૧૬૫૬ ના ગાળામાં થઈ ગયેલ અખાના નજીકના પુરોગામી હતા. સમયની રીતે જોઈએ તો એટલે તેઓ એ જ્ઞાતિએ કડવા કણબી હતા. કૃતિઓમાં પોતાને 'વડોદરાના વાસી' કહે છે. આનંદશંકર ધ્રુવ તે 'બાવળાનો કડવો પાટીદાર' હોવાનું કહે છે. જે નિર્વિવાદ છે.

એમની કૃતિઓનો અભ્યાસ કરીએ તો તેમનું વ્યક્તિત્વ અખાની જેમ આખાબોલું, આક્રમક અને બેપરવા નથી દેખાતું પણ એક સંતવ્યક્તિત્વની ખુશબૂ આપે છે. તેઓ જીવાત્મા પ્રત્યે અનુકંપા અને કારુણાસભર રહ્યા છે. અખાએ અણસમજુ અને દુરાચારી જીવાત્માને મૂરખ કહીને ભાંડ્યા છે. તેની તુલનાએ સ્વસ્થ, ધીર, નમ્ર, જ્ઞાની સંત તરીકે નરહરિની છબી ઉપસે છે. એક લોકપ્રચલિત દુહામાં કવિ અખો, બુટિયો અને ગોપાલની સાથે એમનો જ્ઞાનમાર્ગી ધારાના કવિ તરીકે ઉલ્લેખ થાય છે. તે દુહો સાહિત્ય જગતમાં પ્રચલિત છેઃ

અખે કીધો ડખ્ખો, ગોપાલે કીધી ઘેંસ,
નરહરિએ કીધી રાબડી, બુટિયો કહે શિરાવા બેસ.

ઉપરોક્ત લોકમાં પ્રચલિત દુહામાં અખો, બુટિયો સાથે નરહરિનો ઉલ્લેખ થયો છે. જે તત્ત્વજ્ઞાન પીરસવા માગે છે એમાં અખો ચાબખા મારે છે અને નરહરી આક્રમક બન્યા વિના રાબ જેવી સુપેય, સુપાચ્ય અને જ્ઞાનપોષક વાણીમાં તત્ત્વજ્ઞાન પીરસે છે. તેવું દુહાના લક્ષ્યાર્થ વિશે અનુમાન કરી શકાય. અખાની રચનાઓ પહેલાં નરહરિની રચનાઓ મળે છે. સર્જનમાં તે અખાનો પુરોગામી છે અને સમયમાં સમકાલીન હોવા વિશે કોઈ શંકા રહેતી નથી. કર્તૃત્વ અને ઉંમરમાં અખાથી એની ઉંમર થોડી મોટી હશે. અખા સાથે જ્ઞાન ગોષ્ઠિ કરી હશે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

તેમનું આરંભનું સર્જન 'હરિલીલામૃત', 'ભક્તિ-મંજરી' અને 'ગોપીઉદ્ધવ-સંવાદ' વગેરે છે અને પછી 'પ્રબોધ-મંજરી' નું સર્જન કરેલું છે. તેમાં વેદાંતી જ્ઞાનમાર્ગી ધારાને વહાવી છે. વિચાર અને અભિવ્યક્તિ કાવ્યકસબની રીતે 'હસ્તામલક' ધ્યાન ખેંચે છે. આ કૃતિ ઈ.સ. ૧૬૫૩ માં લખાયેલી છે. તેમાં શાંકરીવિદ્યાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. શીર્ષક પરથી જ લાગે છે કે ભાવકને પાકું આંબળું આરોગવા માટે તેના હાથમાં મૂકીને પછી લખવું બંધ કર્યુ છે અથવા સર્જનયાત્રા અટકી ગઈ છે. તે એમની અંતિમ કૃતિ છે.

નરહરિનાં તત્ત્વવિચાર વિશે જોઈએ તો કર્મ, ઉપાસના, કાયાકલેશ આદિ બાહ્ય સાધનોને બદલે અપરોક્ષ અનુભૂતિનું મહત્ત્વ વિશેષ દેખાય છે. વૈષ્ણવી સગુણ ભક્તિનો આદર સાથે સ્વીકાર કરે છે. એની ગતિ સગુણથી નિર્ગુણ તરફ ક્રમ ક્રમશઃ વિકાસ પામી છે એવું સ્પષ્ટ દેખાઈ આવે છે. તેમના જ્ઞાનવિચારને

પ્રૌઢ અને પરિપક્વ અભિવ્યક્તિ મળી છે ૧૭ કડવાં અને ૩૪૨ કડીની, ઈ.સ.૧૬૫૩ માં લખાયેલી 'જ્ઞાનગીતા' માં વેદાંતી વિચારધારા, સહજયોગસાધના અને બ્રહ્માનુભવ વર્ણવે છે એ પહેલાં ભૂમિકારૂપે ભક્તિની વાત પણ કરે છે. દષ્ટાંત, અવળવાણી, પ્રાસાદિકતા અને સરસ વિષયનિરૂપણથી કૃતિ આસ્વાદ્ય બની છે. આ એક જ કૃતિથી નરહરી પ્રજ્ઞાવાન અને સમરથ જ્ઞાની કવિઓની પંગતમાં બેસવા માટે અધિકારી બની શકે તેમ છે. ઉમા-મહેશ્વર વચ્ચેના સંવાદ રૂપે રચાયેલી 'શિવ-ગીતા' ૫૦૧ કડીની ચોપાઈમાં લખેલી રચના છે. 'તીવ્ર વૈરાગ્ય', 'વસિષ્ઠસાર-ગીતા', 'લઘુયોગવાસિષ્ઠ' અને 'ભગવદ્ગીતા' મૂળ ગ્રંથના અનુરણનરૂપ લખેલી કૃતિઓ છે. તેમની લઘુ કૃતિઓમાં 'કક્કો', 'આનંદ-રાસ' 'સંતનાં લક્ષણ', 'માસ', 'વિનંતી' અને 'જ્ઞાન-રમેણી' નોંધપાત્ર છે, એમણે વૈષ્ણવ સંસ્કારને પ્રતીત કરતાં પદો પણ લખ્યાં છે. જેમાં જ્ઞાનમાર્ગી પરંપરા અનુસાર અધ્યાત્મજ્ઞાન અને ભક્તિનું છટાદાર રીતે નિરૂપણ થયું છે.

નરહરિએ 'ભગવદ્-ગીતા' ઈ.સ.૧૬૨૧માં લખેલી છે. મૂળ કૃતિનાં ભાષાન્તરને બદલે કૃતિના તત્ત્વાર્થને સ્ફૂટ અને સુગ્રાહ્ય કરવા, જરૂર લાગે ત્યાં, સ્વસૂઝથી ઉમેરણ કરીને, દષ્ટાંતો યોજીને, યથોચિત વિસ્તાર કરે છે. મૂળ ગ્રંથમાં ૭૦૦ શ્લોક છે. તેનો એમણે ૧૮૨૭ કડીઓમાં વિસ્તાર કર્યો છે. 'ભગવદ્ગીતા' કવિએ પોતાની ભાષામાં મૌલિકતાથી, ગીતાજ્ઞાનનો સરળ બોધ કરાવ્યો છે. અધ્યાયની શરૂઆતમાં પ્રસ્તાવનાથી ઉચિત ભૂમિકા બાંધી છે. કૃષ્ણરૂપી નૌકા વડે અર્જુન શોક સમુદ્રમાંથી બહાર નીકળી શક્યો. એવી ભૂમિકા આપીને કહે છે:

અર્જુન શોક સમુદ્રમાં ભાઈ, મગન હવો જેણીવાર,
કૃષ્ણ તત્વ નાવે કરી, ઉધરિયો તેણીવાર.
શ્રી ભગવદ્ગીતા તણો, ભાઈ, અર્થ અગમ અપાર,
શ્રી કૃષ્ણ કીપાએ પામીએ, ઉપનિષદનો સાર.

અહી શબ્દશઃ અનુવાદ કરવામાં આવ્યો નથી. કવિએ મૂળગ્રંથને પોતાના અંતરમાં ઘૂંટીને પછી પોતાની રીતે પદ્યો રચ્યાં છે એટલે અસરકારક લાગે છે. નીચેની પંક્તિઓમાં જીવાત્માની ઓળખ સરળ ભાષામાં આપવામાં આવી છે. એક ઉદાહરણ જોઈએ :

'દેહ, ઈંદ્રિય, મન વશ જેહને, જીતાત્મા કહીએ તેહને'

આ કૃતિમાં આવાં અનેક રસસ્થાનો માણવા જેવાં છે. આ ઉપરાંત જોઈએ તો-

જાહાં જેવો ત્યાહાં તેહવો જાણ, એહવો અસંગ પુરુષ મુજને પ્રમાણે;

જે મહાનુભાવે નિરધાર્યું વીર, હું તે તુજને કહું થા ધીર.
જેહનો વેદાંત ઉપનિષદે વિસ્તાર, હું તે તુજને કહીશ નિરધાર.
તત્ત્વ તણાં નામ હરિ ભણે, અર્જુન એક ચિત્તે તે સૂણે.

અદ્યતન ગુજરાતી સાહિત્યના પ્રણેતા સુરેશ જોશીએ નરહરિની 'જ્ઞાનગીતા' અને સૌ.યુનિ.ના પૂર્વ પ્રૌઢશિક્ષણ નિયામક ડૉ. બાબુભાઈ ઢોલરિયાએ 'ભગવદ્ગીતા' નું સંશોધન-સંપાદન કરેલું છે. ડૉ. ભાનુપ્રસાદ પંડ્યા કહે છે તેમ 'ગુજરાતમાં ઘેરઘેર ગુંજતી કરવા જેવી આ કૃતિ છે.'


મધ્યકાલીન જ્ઞાની કવિઓ જયશેખર, નરસિંહ, માંડણ બંધારો, કવિ ભીમ, નરહરિ, ગોપાલ અને ભાણદાસ દ્વારા આ પરંપરા વધુ રૂઢ અને તીવ્ર રીતે અભિવ્યકિત પામે છે. તેમાં કવિ નરહરિ ગુજરાતી જ્ઞાનમાર્ગીધારાનો અત્યંત મહત્ત્વના કવિ છે. બુટિયો, વસ્તો, વિશ્વંભર, જીવણદાસ, પ્રીતમદાસ, મૂળદાસ, નરભેરામ, ધીરો, નિરાંત, રણછોડ, બાપુસાહેબ ગાયકવાડ, નિષ્કુળાનંદ, બ્રહ્માનંદ, ભોજો, મીઠો ઢાઢી, રવિ-ભાણ સંપ્રદાયના સંત કવિઓમાં ભાણસાહેબ, ખીમસાહેબ, રવિસાહેબ, મોરારસાહેબ અને આ ધારાના છેલ્લા સમરથ સંતકવિ જીવાસાહેબને પણ એ જ ધારાના મહત્ત્વના સંતકવિ તરીકે ઉલ્લેખવા પડે એવું એમનું પણ પ્રદાન છે. એ બધાએ મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કવિતાધારામાં પોતાની કલમ ચલાવી છે તેમાં મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કવિતાધારાનું નરહરિ પછી અખો ગ્રોથ એન્જિન હોવાનું નિઃશંક કહી શકાય તેમ છે.



- ડૉ. ભાવેશ જેતપરિયા

પાચનની ગડબડ !

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



પાચનની ગડબડ !

"સાહેબ, પાચન સાવ બગડ્યું છે, ખાધેલું બરાબર પચતું નથી, કંઈ મજા નથી આવતી."

દરેક ડોક્ટરને આ ફરિયાદ વારંવાર સાંભળવામાં આવે છે. મજાની વાત તો એ છે કે આ ખરેખર કોઈ ફરિયાદ નથી પણ સીધેસીધું નિદાન જ આપી દેવામાં આવે છે ! પેટના સંદર્ભમાં જે પણ કોઈ લક્ષણો થાય તેના અંગે દર્દી કહે છે કે પાચન નબળું પડી ગયું છે. ઘણી વાર દર્દી એમ પણ કહેતા હોય છે કે લીવર નબળું પડી ગયું છે. હકીકત એ છે કે લીવર વિષે કોઈ બહુ જાણતું નથી હોતું અને એવી સમજણ પ્રવર્તે છે કે લીવરને પાચન સાથે ઊંડો સંબંધ છે અને લીવર બગડે તો આવું બધું થાય, આ સદંતર ભૂલભરેલી વાત છે. 'લીવર વીક થઈ ગયું છે' એમ કહીને વાસ્તવમાં તો દર્દીઓ અનેક અને અલગ અલગ જાતની તકલીફો વિષે કહેવા માંગતા હોય છે. એમને કહેવું પડે છે કે ભાઈ, પાચન બગડ્યું છે કે લીવર બગડ્યું છે કે ક્લચ બગડી છે, કે ગીયર બગડ્યું છે એ બધું તમે જવા દો અને મને એ કહો કે ખરેખર તમને થાય છે શું ? ત્યારે જ ખરી હકીકતો બહાર આવે છે કે દર્દીને ખરેખર થયું છે શું, અલબત્ત, પાચન બગડતું તો હોય છે, ઉંમર થતાં એ ક્યારેક થોડું નબળું પડતું હોય છે અને ખાસ કરીને તમે કેપેસિટી કરતાં વધારે ખોરાક દાબીને ખાઈ જાઓ કે કોઈ વિચિત્ર વસ્તુ ખાઈ જાઓ તો પાચનતંત્ર અને પચાવવા માટે પહોંચી ન વળે અને ઝાડા કે ઉલ્ટી દ્વારા એને બહાર ફેંકી દે તેવું બને પરંતુ અહીં લાંબા સમયની 'પાચન બગડવા' અંગેની વાત લેવી છે.

'પાચન બગડ્યું છે.' એવું કહીને દર્દી અનેક લક્ષણોમાંથી કોઈ એક કે વધુ લક્ષણો દર્શાવવા માગતો હોય છે, જેમ કે એસીડીટી, સતત ઓડકાર આવવા, પેટમાં દુઃખાવો થવો, પેટ ભારે લાગવું, પેટ ફૂલી જવું, બરાબર ઊભૂખ ન લાગવી, ભૂખ લાગે પણ ખાઈ ન શકાય, જમ્યા પછી પેટ ભારે લાગવા લાગે, થોડુંક જ ખાય ત્યાં પેટ ભરાઈ જાય, વારંવાર ગેસ થઈ જાય, બે-ત્રણ વખત ટોયલેટ જવાની સ્થિતિ થઈ જાય, કબજિયાત થઈ જાય અને આવાં હજી બીજાં કેટલાંક લક્ષણો દર્દી આ શબ્દો વાપરીને વ્યક્ત કરવા ચાહતો હોય છે. આ તમામ લક્ષણો અલગ અલગ રોગ વિશે સૂચવી શકે અને ક્યારેક કોઈ એક જ રોગમાં આમાંનાં મોટા ભાગનાં લક્ષણો જોવા મળે એમ પણ બને. પેટ ખૂબ વિચિત્ર વસ્તુ છે અને એમાં શું લક્ષણ હોય અને શું રોગ નીકળે એ કહેવું બહુ મુશ્કેલ થઈ જાય છે. સર્જરીની ટેક્સબુકમાં કહ્યું છે કે Abdomen is magic box એમાં તમે શું ધાર્યું હોય અને શું નીકળે એ નક્કી નહીં !!

આ લેખ લખવાનો હેતુ પેટના વિભિન્ન રોગો વિષે લખવાનો નથી પણ એક ખાસ અને ખૂબ કોમન રોગ પર લખવા માટેનો જ છે. આ રોગમાં લક્ષણો નીચે પ્રમાણે મળે છે;

- *બરાબર ભૂખ ન લાગે*
- *થોડું ખાઓ અને પેટ ભારે ભારે લાગવા લાગે*
- *પેટ કાયમ ભરેલું હોય એવું લાગ્યા કરે, ફૂલી ગયું હોય એવું પણ લાગે*

- *ટોયલેટ બરાબર જવાતું ન હોય એવું લાગે, જઈ આવ્યા પછી પણ એવું લાગે કે હજી અંદર રહી ગયું હશે*
- *ટોયલેટ જતી વખતે પેટમાં ગરબડ જેવું લાગે*
- *મળનું બંધારણ બદલાયેલું લાગે*
- *ક્યારેક ઝાડા તો ક્યારેક કબજિયાત અનુભવાય પણ બરાબર તો ન જ રહે*
- *ગેસ થયા કરે*
- *ઘણી વખત બીમાર હોઈએ, જાણે તાવ રહેતો હોય એવી લાગણી થયા કરે*

આ લક્ષણો અથવા આમાંનાં કેટલાંક લક્ષણો ઘણાં લોકોને, લગભગ તમામ લોકોને ઘણી વખત થઈ આવતાં હોય છે અને આ લાંબું, ઘણી વખત મહિનાઓ સુધી પણ રહેતું હોય છે અને એવું પણ બને છે કે વ્યક્તિ એમ માની લે કે પોતાનું પાચન હવે બગડી ગયું છે અને હવે આમ જ રહેશે ! એટલી હદ સુધી કે એ ભૂલી જાય છે કે આ બધું નોર્મલ હોવું એટલે શું. એની માનસિકતા જ એવી થઈ જાય છે કે આ તો આમ જ છે અને આમ જ રહેશે ! જાત જાતની સલાહો મળે છે, જાત જાતના ખોરાકના અખતરા એ કરવા લાગે છે, આ બંધ કરે છે ને તે બંધ કરે છે, આ ખાઈ જુએ છે અને તે ખાઈ જુએ છે, ઘણું કરી જુએ છે. કશું જ વળતું નથી અને એ સમજી લે છે કે પાચન હવે બગડી ગયું છે, હવે આમ જ રહેશે અને એ આ પરિસ્થિતિને સ્વીકારી લઈને એનાથી ટેવાવા પ્રયત્ન કરવા લાગે છે !

મિત્રો, અહીં કોઈને રાતોરાત ડોક્ટર બનાવી દેવાનો ઈરાદો નથી અને ઉપરનાં લક્ષણો સાવ સામાન્ય રોગથી માંડીને કેન્સર સુધીના રોગોમાં મળી શકે છે પરંતુ આનું સૌથી કોમન કારણ જે છે એના વિષે ચર્ચા કરવી છે અને એ અમીબીયાસીસ. આ રોગ આપણા દેશોમાં ખૂબ જ કોમન છે. આ અમીબીયાસીસ શબ્દ કદાચ નવો લાગે પણ મને વિશ્વાસ છે કે અમીબા નામના સૂક્ષ્મ જીવનું નામ તો તમે સાંભળ્યું જ હશે અને સ્કૂલમાં એના વિષે થોડું ભણ્યા પણ હશો કે એ એક કોષી જીવ છે, એક જ કોષ હોવા છતાં એ બધું જ કરી શકે છે, જેમ કે પ્રચલન, શ્વસન, ખોરાક ગ્રહણ, ઉત્સર્જન, પ્રજનન વગેરે. (અમારા ક્લાસમાં એક અમીતા નામની છોકરી હતી એને બિચારીને અમે.. જવા દો, એ આ લેખ વાંચશે તો એ મને અમીતીયાસીસ કરશે !!)

આ અમીબા આપણાં પેટમાં ઘૂસે અને જે રોગ ઉત્પન્ન કરે એને જ અમીબીયાસીસ કહેવાય છે. આ રોગમાં અમીબાઓ આંતરડાંમાં ઘૂસી જઈ અને ત્યાં અડ્ડો જમાવે છે અને તેની દીવાલોમાં સોજો લાવે છે. એ ત્યાં જ રહેવા લાગે છે અને પ્રજનન કરીને પોતાની વસાહત ઊભી કરે છે અને તેથી ઉપર જણાવેલાં લક્ષણો થાય છે. દૂષિત પાણી દૂષિત ખોરાકથી અમીબા આપણને પ્રાપ્ત થઈ શકે છે. બહારનું ખાવાથી કે બહારનું અશુદ્ધ પાણી પીવાથી અમીબીયાસીસ થઈ શકે છે. ઘણી વાર એનાથી સખત મરડો થઈ આવે છે જેને અમીબીક ડિસેન્ટ્રી કહે છે. ઘણી વાર ડિસેન્ટ્રી ન થતાં ધીમે ધીમે એકદમ તકલીફ ન કરનારું પણ લાંબું ચાલનારું અમીબીયાસીસ થાય છે, જેમાં ઉપરોક્તમાંથી ઘણાં લક્ષણો મળે છે. વ્યક્તિની રોગ પ્રતિકારક શક્તિ અને વ્યક્તિની પ્રકૃતિ પર આ બધી વસ્તુઓનો ઘણો આધાર રહે છે. ઘણાને ગમે તેવું ખાવા-પીવા છતાં આ રોગ નથી થતો તો ઘણાને એવું થાય છે કે ભૂલથી પણ જરાક બહારનું ખાધું કે બસ, પૂરું !

બહારનું, ખાસ કરીને ઠંડું ન ખાવું, શુદ્ધ ન હોય તેવું પાણી ન પીવું તથા બરાબર હાથ ધોયા વગર કશું ખાવું નહીં એ આ રોગની અટકાયત માટે અનિવાર્ય છે. ફળો અને શાકભાજી એકદમ સારી રીતે ધોઈને જ ઉપયોગમાં લેવાં. લગ્ન કે એવા પ્રસંગોમાં જમવા જવાનું થાય તો ગરમ વસ્તુઓ જ લેવી.

અમીબીયાસીસનું નિદાન પેથોલોજી લેબોરેટરીમાં સ્ટુલ એક્ઝામીનેશન (ઝાડાની તપાસ) કરાવવાથી પ્રાપ્ત થઈ શકે છે પરંતુ એ ભાગ્યે જ કોઈ કરે છે અને એના કરતાં ક્લિનિકલ શંકા ઉપરથી એન્ટી-અમીબીકનો કોર્સ જ આપી દે છે. ન મટે તો બીજું કંઈક હશે એમ સમજીને ઈન્વેસ્ટિગેશન્સ કરાવતા હોય છે. આવું કરવાનું, સીધી દવા જ આપી દેવાનું કારણ એ છે કે આ રોગ સૌથી કોમન છે.

અમીબીયાસીસ મટાડે એવી ઘણી દવાઓ આવે છે અને એમાં પણ ઘણી ક્રાંતિ આવતી ગઈ છે. પહેલાં 'તો મહિના-મહિનાના કોર્સ આવતા અને દર્દી મહિનાનો કોર્સ પૂરો કરે અને માંડ મટે ત્યાં તો ચાર દિવસમાં પાછું થઈ જાય એવું બનતું પરંતુ

હવે એવી ટ્રીટમેન્ટ્સ આવે છે કે પાંચ દિવસના, ત્રણ દિવસના, અરે એક દિવસના કોર્સમાં પણ અમીબીયાસીસ મટી જાય !! ટીનીડાઝોલ - ૧૦૦૦ mg એક ગોળી દિવસમાં બે વખત એમ ત્રણ જ દિવસ લેવી પડે છે. એક સેકનીડાઝોલ નામની દવા આવે છે જેની રાત્રે એક જ વખત માત્ર બે ગોળી એક સાથે લઈ લેવાની અને કામ પૂરું ! હા, ઘણી વાર એમ પણ બનતું હોય છે કે શરીર પોતે જ આ અમીબાઓને મારી હઠાવે અને રોગ પોતાની મેળે જ મટી જાય ! આપણને એમ થાય કે પાચન બગડ્યું હતું, પાછું બરાબર થઈ ગયું ! જો આપણી તાસીર વારંવાર અમીબીયાસીસ થઈ જવાની હોય તો આપણે ખાવા-પીવાની બાબતમાં સદા સાવધ રહેવું પડે.

આ રોગ વિષે જણાવવું એટલે જરૂરી લાગ્યું કે એક તો એ કે તે ખૂબ કોમન છે, બીજું એ છે કે ઘણી વાર ડોક્ટરો એના વિષે બહુ સતર્ક નથી હોતા અને ભળતી જ સારવારો આપે છે અને પરિણામે આ રોગ બરાબર કાબૂમાં નથી આવતો.

અહીં એ વસ્તુનો ઉલ્લેખ પણ જરૂરી છે કે પેટમાં કૃમિઓને કારણે પણ તકલીફ રહેતી હોય છે અને એના માટે એક સીંગલ ડોઝ એક ગોળી આલબેન્ડાઝોલની લઈ લેવી એ પણ સલાહભર્યું છે. કૃમિઓ-વર્મ્સ જો હશે તો નીકળી જશે અને નહીં હોય તો ગોળી કોઈ નુકસાન નહીં કરે. (બાય ધ વે, ગળ્યું ખાવાથી કૃમિ થાય છે એ વાતમાં કોઈ વજૂદ નથી) આ જ વાત અમીબીયાસીસની દવાઓ માટે પણ સાચી છે, જો અમીબીયાસીસ નહીં હોય તો દવાઓ નુકસાન નહીં કરે, અલબત, આ દવાઓની સાઈડ ઈફેક્ટ્સ કોઈ કોઈને થાય છે, જેમ કે મોઢામાં ધાતુ જેવો ખરાબ સ્વાદ આવવો, પેટમાં ગરબડ લાગવી વગેરે પણ કોર્સ પૂરો થતાં એ લક્ષણો જતાં રહે છે.


અહીં એ વસ્તુ ખાસ ભારપૂર્વક જણાવવાની કે આ લેખ એક ખૂબ કોમન રોગ વિશે સમજૂતી આપવા માટેનો એક પ્રયાસ માત્ર છે. પોતાની મેળે નિદાનો કરીને આડેધડ દવાઓ લેવી એ જોખમી વસ્તુ છે. ઈચ્છનીય તો એ છે કે પોતાને થતી તકલીફ અને એની પાછળ અમીબીયાસીસ જેવો રોગ હોવાથી સંભાવના ડોક્ટર સાથે ડિસ્કસ કરીને જ દવાઓ લેવી જોઈએ.

Self Medication is Always Dangerous !

આ લેખ લખવા માટે એટલે ઉત્સાહિત હતો કે મેં એ અનુભવ્યું છે કે લાંબા સમયની આવી પેટની વિભિન્ન ફરિયાદો લઈને વ્યક્તિ આવે અને એને બરાબર એક્સ્પ્લેઇન કરીને દવાઓનો યોગ્ય કોર્સ આપવામાં આવે અને પછી એ અઠવાડિયા પછી બતાવવા આવે ત્યારે એનામાં જે આનંદ, શાંતિ અને આભારવશતા જોવા મળે છે એ તો જૂવે એને જ ખબર પડે, એ માત્ર પગે પડવાનું જ બાકી રાખે અને કહે કે;

“સાહેબ, તમે તો ચમત્કાર કર્યો, એટલું સરસ થઈ ગયું કે જેટલું કોઈ દિવસ નહોતું !” ત્યારે આપણને સમજાય કે મોડર્ન મિડિસિન શું વસ્તુ છે, સાયન્સ શું ચીજ છે !!

વિશેષ નોંધ : અહીં જે વાતો જણાવી છે એ સામાન્ય સ્થિતિ માટે છે. લક્ષણો, ખાસ કરીને કબજિયાત જેવાં લક્ષણો લાંબાં ચાલે અને વધતાં જતાં હોય તો કેન્સર જેવા રોગો હોવાની પણ સંભાવના રહે છે એ ધ્યાનમાં રાખવું.





- ડૉ પ્રણવ વૈદ્ય

વિભાગ : ૬ શિક્ષણ : વિકાસનું પ્રથમ પગલું

નૈતિક શિક્ષણ વિના રાષ્ટ્રનો ઉદ્ધાર નથી

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

નૈતિક શિક્ષણ એટલે Moral Education જેને આપણે ચારિત્ર્ય ઘડતરનું શિક્ષણ કહીએ છીએ. વિવેકાનંદજીએ જેને આધ્યાત્મિક જ્ઞાન કહ્યું છે. વાસ્તવમાં બાળકને ચારિત્ર્યવાન, નૈતિક મૂલ્યોથી સજ્જ, રાષ્ટ્રીય ભાવનાઓથી રંગાયેલો માનવ બનાવવો છે. શિક્ષણ દ્વારા જ આ શક્ય છે. આજના શિક્ષણમાંથી નૈતિક મૂલ્યો રહ્યાં નથી, અને છે તો તેનું કોઈ મહત્ત્વ નથી. તેનું મૂલ્યાંકન થતું જ નથી. ધોરણ - ૧ થી પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીની કે પીએચ.ડી. જેવી ઉચ્ચત્તમ ડિગ્રી સુધી ક્યાંય વિદ્યાર્થીઓના નૈતિક પાસાઓનું માપન થતું જ નથી ! પરિણામે સમગ્ર સમાજ સડવા લાગ્યો છે. સમગ્ર વિશ્વમાં શાંતિનો અભાવ જોવા મળે છે. 'યૂનેસ્કો' આ અંગે ખૂબ ચિંતિત છે. તેમણે બનવાનું શિક્ષણ (to be) નહિ કે કરવાનું શિક્ષણ (to do) એ સૂત્ર આપ્યું છે. કેમ કે મોટાભાગના યુવાનો જેઓની પાસે યુનિવર્સિટીએઓની ડિગ્રીઓ છે, છતાં નશીલા પદાર્થોનું સેવન કરવા લાગ્યા છે અને આત્મહત્યા તરફ વળી જાય છે. ઉપરાંત એઈડ્સ જેવા સંસર્ગજન્ય અને શરીરને પાયમાલ કરતા રોગોના ભોગ પણ બની જાય છે. આપણને નવાઈ લાગશે કે ભારતમાં તો કંઈક સારું છે, પણ દુનિયાના બીજા દેશોમાં નૈતિક મૂલ્યોના કોઈ પ્રકારના શિક્ષણ કે જ્ઞાનના અભાવે આપઘાત તરફ વળી રહ્યા છે.

આપઘાત કેવી રીતે કરવો તેનું માર્ગદર્શન આપતું ડેરેક હન્ફ્રીનું પુસ્તક 'ધ ફાઈનલ એક્ઝીટ' અમેરિકામાં બેસ્ટ સેલર બન્યું હતું. જાપાનમાં પણ થોડાં વરસો પહેલાં 'ધ કમ્પલીટ મેન્યુઅલ ઑફ કમિટીંગ સુઈસાઈડ' નામનું પુસ્તક બેસ્ટ સેલિંગ બુક બન્યું હતું. તેની સાડાત્રણ લાખ નકલો એક જ વર્ષમાં વેચાઈ ગઈ હતી. કેટલાક લોકોએ તો એ પુસ્તક હાથમાં લઈને આત્મહત્યા કરી હતી. ફ્રાન્સમાં પણ 'સુઈસાઈડ યુઝર્સ મેન્યુઅલ' નામનું પુસ્તક બેસ્ટ સેલર બન્યું હતું. આજે આપણા દેશમાં ગરીબી, બેકારી વગેરેની ઘણી સમસ્યાઓ રહેલી છે તેમ છતાં પણ કહેવાતા વિકસિત દેશો કરતાં આપણા દેશમાં આત્મહત્યાનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. અત્યાર સુધી આપણે એમ વિચારતા હતા કે સુખ એ પ્રત્યક્ષ રીત ધનના પ્રમાણમાં હોય છે. આથી વધારે પૈસા હોય તો વધારે સુખ મળે, એવી આપણી માન્યતા પ્રવર્તે છે. પરંતુ આંકડાકીય માહિતી તો એવું સાબિત કરે છે કે ખરેખર તો એનાથી વિપરિત સાચું છે એટલે કે વધુ પૈસા ઓછું સુખ અથવા તો ઓછા પૈસા વધારે સુખ. અમેરિકા, જાપાન, સ્વીડન વગેરે દેશોમાં પણ આત્મહત્યાનું પ્રમાણ ઘણું ઊંચું જોવા મળે છે. એનો અર્થ એમ નથી કે આપણે પૈસા કમાવા બંધ કરી દેવા જોઈએ. ઊલટું ભારતમાં આર્થિક વિકાસને પ્રથમ પસંદગી આપવી જોઈએ. પણ સાથે એ પણ યાદ રાખવું જોઈએ કે માત્ર પૈસો જ આપણી સમસ્યાઓને હલ કરી શકશે નહિં. કેટલાક વધારે આંકડાઓ આપણને વિશ્વમાં અત્યારે પ્રવર્તી રહેલી પરિસ્થિતિનું સ્પષ્ટ ચિત્ર દર્શાવે છે.

(૧) યુનેસ્કો પ્રમાણે અમેરિકા, સ્વીડન, જાપાનમાં યુવાનોનાં મૃત્યુના ૫૪% આત્મહત્યાને લીધે થયેલાં છે.

(૨) જાપાનની હેલ્થ મિનિસ્ટ્રીના આંડકા પ્રમાણે ૪૨ વર્ષ કે એથી મોટી ઉંમરના અધિકારીઓમાં ૪૪% માનસિક રોગોના ભોગ બનેલા છે.

યુ.કે. ના મનોવૈજ્ઞાનિક ડૉ. આર. ડી. લૈંગ કહે છે. કે ઈંગ્લેન્ડનાં સરેરાશ યુવાન કે યુવતીની ઉચ્ચ શિક્ષણમાં જવા કરતાં મેન્ટલ હૉસ્પિટલમાં જવાની શક્યતા દસ ગણી વધારે જણાય છે.

આ છે અત્યારના શિક્ષણજગતનું વર્તમાન ચિત્ર ! હવે આપણે ખરેખર એ વિચારવાનું રહ્યું કે આમાં પરિવર્તન લાવવા માટે શિક્ષકોનું અને શિક્ષણનું શું પ્રદાન હોઈ શકે ?

અત્યારની શિક્ષણપદ્ધતિમાં આમૂલ પરિવર્તન લાવવું જોઈએ. આ શિક્ષણમાં આધ્યાત્મિક બાબતોનો પરિચય પણ કરાવવો જોઈએ. તેની પસંદગીનાં ધોરણો પણ બદલાવાં

જોઈએ. મૂલ્યનિષ્ઠ શિક્ષણને પ્રથમ પસંદગી આપવી જોઈએ. સ્વામી વિવેકાનંદે એવી ચેતવણી આપી હતી કે જો શિક્ષણમાં આધ્યાત્મિક મૂલ્યોને નહીં સ્વીકારવામાં આવે તો માત્ર ત્રણ પેઢીમાં જ આપણો વિનાશ થઈ જશે. તેથી વર્તમાન શિક્ષણમાં આધ્યાત્મિક શિક્ષણનો સમાવેશ કરવાની તીવ્ર જરૂરિયાત છે. આધ્યાત્મિક મૂલ્યો પર આધારિત એવી નવી જ સભ્યતાનો ઉદય થવો જોઈએ. નહીંતર કોલંબિયા સ્કૂલ જેવી પરિસ્થિતિ સર્જાશે. જો આપણને મનની શાંતિ અને વિશ્વની શાંતિ જોઈતી હોય તો આપણે આધ્યાત્મિક શિક્ષણ અપનાવવું જ જોઈએ.

આધ્યાત્મિક શિક્ષણ એટલે કોઈ ધર્મ કે કોઈ સંપ્રદાયના શિક્ષણની વાત નથી. હિન્દુ ધર્મ, મુસ્લિમ ધર્મ, જૈન કે બૌદ્ધ કોઈ પણ ધર્મનું શિક્ષણ આપવાથી વ્યક્તિ નાનો બની જાય છે. આપણે તો વિશાળ બનવાનું છે. જગતના માનવીઓ સાથે ભળી જવાનું છે. સાચો માનવી બનાવવો છે. આ માટે નૈતિક શિક્ષણ એ પાયાની વાત છે. દરેક વ્યક્તિમાં એવી સમજ પેદા કરવાની છે કે આ પૃથ્વી ઉપર મારા જન્મનું શું પ્રયોજન છે ? મારે આ જન્મમાં શું કરવાનું છે ? શા માટે જીવવાનું છે ? અને સારું ઉચ્ચ ધ્યેયવાળું જીવન જીવવાના માર્ગ કયા છે ? સાચું બોલવું, કોઈ જીવની હિંસા ન કરવી, કોઈનું પડાવી લેવું નહિ, જરૂરિયાત કરતાં વધારે વસ્તુઓનો સંગ્રહ ન કરવો. બીજાને દુઃખ થાય તેવું વર્તન ન કરવું. આવા બધાં મૂલ્યો આધારિત નીતિ-નિયમો જીવન સાથે જોડીને જીવવાનું શિક્ષણ એ નૈતિક શિક્ષણનો એક ભાગ છે. આપણા દેશ પાસે મહાન આધ્યાત્મિક જ્ઞાનનો વારસો રહેલો છે, જે આપણે સમગ્ર વિશ્વને આપી શકીએ એમ છીએ.

સ્વામી વિવેકાનંદે ૧૮૯૭માં મદ્રાસમાં આપેલા એક પ્રવચનમાં કહ્યું હતું કે, ભારત તેની આધ્યાત્મિક શક્તિથી સમગ્ર વિશ્વ ઉપર વિજય મેળવશે. આ પણ હવે સાચું પડવાનું છે, તે માટેની પૂર્વભૂમિકા રચાઈ ગઈ છે, સમગ્ર વિશ્વ હવે ભારતની આધ્યાત્મિકતા, ધ્યાન અને યોગ તરફ વળી રહ્યું છે. ‘ટાઈમ’ મેગેઝીનનો ૪ ઓગસ્ટ, ૨૦૦૩નો અંક એ સૂચવે છે કે આજે અમેરિકન લોકો ધ્યાન પાછળ પાગલ બન્યા છે. એવું પણ નોંધવામાં આવ્યું છે કે મનની શાંતિ માટે લગભગ દસેક મિલિયન અમેરિકનો નિયમિત ધ્યાન કરે છે. વર્તમાનપત્રોના સમાચારોમાં પણ એવું જણાવવામાં આવ્યું હતું કે અમેરિકાના લોકો યોગની પાછળ પાગલ બન્યા છે. બીજા એક અહેવાલ અનુસાર અમેરિકાની ૧૨૨ મેડિકલ સ્કૂલોમાંથી ૯૨ સ્કૂલોમાં વૈકલ્પિક ઉપચાર ફરજિયાત કરાયો છે જેમાં યોગ અને ધ્યાનનો સમાવેશ કરવામાં આવ્યો છે. બીજાં રાષ્ટ્રો પણ હવે ભારતની આધ્યાત્મિકતા તરફ વળી રહ્યાં છે. જો હવે ભારતે જગદ્‌ગુરુનો ભાગ ભજવવાનો હોય, સમગ્ર વિશ્વને આધ્યાત્મિકતાની ભેટ આપવાની હોય તો તેમાં વિકસતા રાષ્ટ્ર તરીકેનું તેનું સ્થાન અંતરાયરૂપ બને છે. જ્યાં સુધી ભારત વિકસિત રાષ્ટ્ર નથી બન્યું, ત્યાં સુધી તે વિશ્વનાં રાષ્ટ્રોને પ્રકાશના પંથે લઈ જનાર ગુરુ કેવી રીતે બની શકે ? એટલા માટે જ રાષ્ટ્રનિર્માણની અત્યંત આવશ્યકતા છે.

આ કઈ રીતે શક્ય બને ? ડૉ. રાધાકૃષ્ણને યોગ્ય જ કહ્યું છે કે, ‘ફક્ત ઈંટ, ચૂનાની ઈમારતો રચવાથી રાષ્ટ્રનું નિર્માણ શક્ય નથી. આ માટે યુવાનોના મનનું ઘડતર કરવું જોઈએ, તો જ રાષ્ટ્રનિર્માણ શક્ય બને છે.’ સ્વામી વિવેકાનંદે પણ કહ્યું છે કે નાગરિકોના ચારિત્ર્યનિર્માણ દ્વારા રાષ્ટ્રનિર્માણ અને રાષ્ટ્રનું પુનરુત્થાન થવું જોઈએ. લોકસભામાં કાયદાઓ ઘડીને આપણે રાષ્ટ્રનું ચિત્ર બદલી શકતા નથી. ભલે આપણી પાસે નવા કાયદાઓ આવે, પણ માત્ર એનાથી કંઈ રાષ્ટ્રનો વિકાસ થઈ શકતો નથી. જે દિવસે નવો કાયદો ઘડાય છે, એ જ દિવસે કાયદેસર કે ગેરકાયદેસર રીતે તેની છટકબારી પણ શોધી કાઢવામાં આવે છે. જ્યાં સુધી નાગરિકોનું ચારિત્ર્યઘડતર ન થાય અને ભ્રષ્ટાચાર ન જાય ત્યાં સુધી રાષ્ટ્રનું પુનઃનિર્માણ શક્ય નથી.

બાલમંદિરથી જ આપણે નૈતિક શિક્ષણના પાઠ ભણાવવા પડશે, આ માટે એક વિષય જ અલગ હોય. અમે જ્યારે આઝાદી પહેલાં ગાયકવાડ સરકારની પ્રાથમિક શાળામાં ભણતા હતા ત્યારે નૈતિક શિક્ષણનો એક પિરીયડ હતો. અને તેનું પુસ્તક પણ અલગ હતું. તેની પરીક્ષા લેવાતી, જેના કારણે અમુક કામ અમારાથી કરાય નહિ, એવા દૃઢ વિચારો મનમાં સ્થિર બની જતા હતા. સાહેબ અમને દરરોજ ટોકે, ‘સ્નાન કરીને સ્કૂલમાં આવવાનું, જૂઠું નહિ બોલવાનું, નખ વધારવાના નહિ, મા-બાપને પગે લાગીને શાળાએ આવવાનું, શાળા છૂટ્યા પછી પણ પગે લાગવાનું, બાપા કે બાના કામમાં મદદ કરવાની, પોતાનું કામ જાતે કરવાનું, ગુસ્સે નહિ થવાનું.’ આવું તો ઘણું બધું શીખવતા અને આ બધા ગુણો નૈતિક શિક્ષણ સાથે જોડી દેતા. ઈઝરાઈલ, અમેરિકામાં બાળકને બાલમંદિરમાં જ શીખવવામાં આવે છે. રસ્તામાં કચરો ન ફેંકાય, ગમે ત્યાં થૂંકાય નહિ, ગંદકી

ના કરાય તથા રાષ્ટ્રને વફાદાર રહેવાનું પણ શીખવવામાં આવે છે. આ નૈતિક શિક્ષણનો એક ભાગ છે.

આપણા ત્યાં વર્ષોથી નૈતિક શિક્ષણ જ નથી. યુનિવર્સિટીની મોટી ડિગ્રી મેળવે પણ નૈતિકતાના ગુણો જોવા જ ના મળે. દા.ત. એક એન્જિનિયર લાંચરુશ્વત લઈને કોઈ ડેમ, પુલ કે મકાનના બાંધકામમાં કોન્ટ્રાક્ટરને સિમેન્ટમાં વધારે રેતી ભેળવવાની છૂટ આપી દે છે. આમ કરવાથી તે એન્જિનિયરનો સ્વાર્થ સધાય છે, તેને ઘણા પૈસા મળે છે. જ્યારે વરસાદ આવે છે ત્યારે ડેમ તૂટી પડે છે, પુલ તૂટી જાય છે, હજારો લોકો ઘરવિહોણા બની જાય છે, પણ એન્જિનિયર ખુશ થાય છે, કેમ કે એનો બંગલો બની ગયો હોય છે. તેના સ્વાર્થીપણાએ ઘણાંની જિંદગી બરબાદ કરી અને રાષ્ટ્રની કિંમતી સંપત્તિનો વિનાશ કર્યો. એવી જ રીતે કેટલાક ડૉક્ટરોને પણ દર્દીને સાજા કરવામાં રસ હોતો નથી, પરંતુ તેમને ફક્ત પૈસા કમાવામાં જ રસ હોય છે.

આપણા રાજકીય નેતાઓમાં નૈતિક ગુણો છે ખરા ? કદી સાચું બોલે છે ? રાષ્ટ્રને વફાદાર રહે છે ખરા ? ભ્રષ્ટાચારીઓમાં સૌથી ખરાબ છાપ આપણા રાજકીય નેતાઓની છે. કદાચ બે ચાર સારા હશે, જે હશે તેઓનું જીવન તપાસવામાં આવે તો તેઓને બાળપણથી તેમના માતા-પિતા દાદ-દાદી કે શિક્ષકો તરફથી નૈતિકતાનું શિક્ષણ મળ્યું હશે કે લોકસભા કે વિધાનસભામાં મોકલવા જોઈએ કે જે લોકોથી પાસે નૈતિકતાના ગુણો હોય. પોતે પ્રતિજ્ઞા લઈને આધ્યાત્મિક બળ ધરાવતા હશે. દેશને બચાવવો હશે તો વિવેકાનંદની મનુષ્યનિર્માણકારી શિક્ષણ અંગેની વિભાવનાના અમલીકરણની અત્યારે ખૂબ જ જરૂર છે. રાજકીય પાર્ટીઓએ એવા લોકોને ટિકિટ આપીને રાજકારણમાં પ્રવેશ કરે કે 'હું ભ્રષ્ટાચાર નહિ જ કરું, નહિ આચરું, ૨૪ કલાક માત્ર દેશના દુઃખી, નિરાધારોની સેવા કરીશ, રાષ્ટ્રની સેવા કરીશ.'

આજે રાષ્ટ્રમાં પ્રવર્તતની કટોકટી એ વાસ્તવમાં ચારિત્ર્યની જ કટોકટી છે. રાજકારણીઓએ દેશની આધ્યાત્મિક તાકાતને ખતમ કરી નાખી છે.

એક વાર આપણા રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણનને મળવા માટે એક ભાઈ ગયા અને તેમને કહ્યું કે, 'આપ વિશ્વબેંકમાંથી ગમે તેટલી આર્થિક સહાય લઈ આવશો તો પણ વ્યાપક ભ્રષ્ટાચારને લઈને ભારતની ગરીબી દૂર નહિ થાય.' તેઓની વાત સાથે રાષ્ટ્રપતિ સમંત હતા, પણ તેઓએ સામે પૂછ્યું, 'આનો ઉપાય શો હાઈ શકે?' ત્યારે તેઓને કહેવામાં આવ્યું 'મનુષ્ય નિર્માણકારી અને ચારિત્ર્ય ઘડતર કરનારા શિક્ષણનો અમલ કરો, જે સ્વામી વિવેકાનંદ કહી ગયા છે. એ જ એક માત્ર ઉપાય છે.' આપણા માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈના મનમાં આ વાત ઠસી ગઈ છે, ને નવી શિક્ષણનીતિમાં આનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે લાંબાગાળે માનવ-નિર્માણનું કાર્ય કરશે.

જેવી રીતે મજબૂત ઈમારત માટે સુદૃઢ પાયાની જરૂર છે, એ જ રીતે રાષ્ટ્રના નિર્માણ માટે ચારિત્ર્યનિર્માણના સુદૃઢ પાયાની જરૂર છે. નાગરિકોના ચારિત્ર્યનિર્માણ દ્વારા જ રાષ્ટ્રનું પરિવર્તન લાવી શકાશે. ચારિત્ર્યઘડતરનો પાયો નાની વયે જ નખાવો જોઈએ. જ્યારે વ્યક્તિ વિદ્યાર્થી અવસ્થામાં હોય ત્યારે ચારિત્ર્યઘડતર કરવું ઘણું જ સરળ બને છે. વ્યક્તિના ચારિત્ર્યનું ઘડતર કરવા માટેનું સહુથી મહત્ત્વનું પરિબળ શિક્ષક જ છે. આદરણીય ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, એમના પુસ્તકમાં લખે છે : 'જો તમે કોઈ પણ શાળામાં શિક્ષક હોય તો તમારે ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવવાનો છે. કારણ કે બીજા કોઈપણ કરતાં તમે ભવિષ્યની પેઢીને સહુથી વધારે અસરકારક ઘાટ આપી શકો છો.' શિક્ષકો જ પરિવર્તનના જ્યોતિર્ધર છે.

આ જ છે, શિક્ષકનું પથદર્શક તરીકે મહત્ત્વનું કાર્ય. જો તમારે સ્થૂલ સ્તરે પરિવર્તન કરવું હોય તો પહેલાં સૂક્ષ્મ સ્તરે પરિવર્તન કરવું જોઈએ. આથી જો રાષ્ટ્રને બચાવવું હોય તો રાષ્ટ્રના નાગરિકોના ચારિત્ર્યનો વિકાસ કરવો જ જોઈએ, નહિતર રાષ્ટ્ર સમૃદ્ધ બનશે નહીં.

બાળકોના ચારિત્ર્યનું ઘડતર ને બાળકોમાં નૈતિક મૂલ્યોનું વાવેતર શિક્ષણ દ્વારા જ શક્ય બનશે. આ માટે નૈતિક શિક્ષણનો નિશ્ચિત અભ્યાસક્રમ ઘડવો જોઈએ. જીવનનું સમગ્ર ચિંતન આમાં સમાવેશ થાય અને તેનું બીજા વિષયોની જેમ વિદ્યાર્થીના નૈતિક મૂલ્યોનું માપન થાય તો જ માનવીને રાષ્ટ્રને બચાવી શકીશું. માત્ર ગોખણપટ્ટી દ્વારા બાળક કે દેશને બચાવી શકાશે નહિ.



ડૉ. મફતભાઈ પટેલ

વિભાગ : ૭ કૃષિ, વેપાર અને ઉદ્યોગ ધંધા

ખેતી : શારીરિક મજૂરીથી સ્માર્ટ મેનેજમેન્ટ અને આધુનિક ટેકનોલોજી તરફની એક ક્રાંતિકારી સફર

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



"ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ઠ નોકરી" આ માત્ર એક કહેવત નહોતી, પરંતુ આપણા વડીલોએ જીવેલું અને પોતાના લોહી-પરસેવાથી સિંચેલું એક સુવર્ણ સત્ય હતું. એક એવો સમય હતો જ્યારે ખેતી એ માત્ર આવકનું સાધન નહોતું, પરંતુ તે જીવનનો આધાર, પરિવારની સમૃદ્ધિ અને સમાજમાં ગૌરવનું સૌથી મોટું પ્રતીક હતું. ખેડૂત હોવું એ ગર્વની વાત ગણાતી. પરંતુ આજના ઝડપથી બદલાતા યુગમાં, આ સમીકરણો સંપૂર્ણપણે બદલાઈ ગયા છે.

આજે આપણા સમાજના ૯૦%થી વધુ યુવાનો ઊજ્જવળ ભવિષ્ય અને સારી જીવનશૈલીની શોધમાં અમદાવાદ, સુરત, મુંબઈ, બેંગ્લોર જેવા મહાનગરોમાં અથવા તો અમેરિકા, કેનેડા કે લંડન જેવા વિદેશી દેશોમાં સ્થાયી થઈ ગયા છે. ગામડાઓમાં હવે માત્ર ૧૦% લોકો જ બચ્યા છે, અને તેમની પણ મુખ્ય આવક કે માનસિકતા શહેરી નોકરી કે વેપાર સાથે જ જોડાયેલી છે. આ ભૌગોલિક અને માનસિક સ્થળાંતર વચ્ચે એક અત્યંત ગંભીર અને હૃદયદ્રાવક પ્રશ્ન ઊભો થાય છેઃ આપણી પેઢીઓથી સચવાયેલી, આપણા પૂર્વજોની ઓળખ સમાન આ વારસાગત જમીનોનું ભવિષ્ય શું?

વર્તમાન વાસ્તવિકતા : ખાલી થતા ગામડાં અને ખેતીની પીડા

આજે જો તમે ગામડાની મુલાકાત લો, તો વાસ્તવિકતા ખૂબ જ ચિંતાજનક દેખાશે. આજે ખેતી કોણ સંભાળે છે? મોટાભાગે ૬૦ કે ૭૦ વર્ષથી વધુ ઉંમરના આપણા માતા-પિતા કે વડીલો. વિચારો, જે ઉંમરે તેમને આરામની જરૂર છે, તે ઉંમરે તેઓ સવારે ૫ વાગ્યે ઊઠીને ખેતરમાં જાય છે. કાળઝાળ ગરમી, હાડ થીજવતી ઠંડી કે ધોધમાર વરસાદમાં કાદવ-કીચડ વચ્ચે કામ કરવું શું તેમના સ્વાસ્થ્ય માટે યોગ્ય છે? બિલકુલ નહીં.

મજૂરોની ભારે અછત અને વધતા જતા ખર્ચને કારણે આજે વડીલો મજબૂર છે. પરિણામે, જમીન કાં તો 'ભાગબટાઈ' (પાકનો હિસ્સો) પર આપી દેવામાં આવે છે, કાં તો 'ઉધ્ધડ' (વાર્ષિક લીઝ) પર આપી દેવાય છે. કડવું પણ નગ્ન સત્ય એ છે કે, આપણે હવે ખેતી કરતા જ નથી — આપણે માત્ર 'જમીન માલિકો' બનીને રહી ગયા છીએ. ખેતરમાં અસલી પરસેવો તો હવે મજૂરો કે ભાગીદારો પાડે છે.

જો આ જ પરિસ્થિતિ વધુ ૧૦-૧૫ વર્ષ ચાલી, તો શહેરોમાં જન્મેલી અને ઉછરેલી આપણી આવનારી પેઢી, જેને ખેતરના શેઢાનો કે પાકનો કોઈ જ અનુભવ નથી, તે આ જમીનોને માત્ર એક 'પ્રોપર્ટી' તરીકે જોશે. તેઓ સારા ભાવ મળતા જ આ જમીનો વેચતાં સહેજ પણ અચકાશે નહીં અને ઇતિહાસ સાક્ષી છે કે ખેડૂતના હાથમાંથી એકવાર જમીન ગઈ, પછી તે ફરી ખરીદવી લગભગ અશક્ય બની જાય છે. આપણી સંસ્કૃતિ, આપણું મૂળ અને આપણું ગૌરવ — બધું જ ધીમે ધીમે ખતમ થઈ જશે.

પરિવર્તનનો પવન : ઉકેલ આધુનિકતા અને એકતામાં છે

જો આપણે વડીલોની તે જૂની કહેવતને ફરી સાર્થક કરવી હોય અને આપણી જમીનો બચાવવી હોય, તો આપણા વિચારો અને અભિગમમાં ધરમૂળથી ફેરફાર કરવો પડશે. ખેતીને હવે દયા ખાવા જેવી 'મજૂરી' તરીકે નહી, પણ એક 'હાઈ-ટેક પ્રોફેશનલ બિઝનેસ' તરીકે સ્વીકારવી પડશે.

આ માટે નીચે મુજબના ત્રણ મજબૂત સ્તંભો પર કામ કરવું પડશેઃ

૧. **ખેતીને બનાવો સ્માર્ટ બિઝનેસ : ટેકનોલોજીનો અદભુત જાદુ :**

આજે ખેતી એટલે માત્ર હળ, બળદ, પાવડો અને પરસેવો નથી રહ્યો. ઇન્ફોર્મેશન ટેકનોલોજી (IT) એ ખેતીનું સ્વરૂપ બદલી નાખ્યું છે. સુરતની કોઈ ડાયમંડ ઓફિસમાં કે બેંગ્લોરની કોઈ આઈટી કંપનીમાં બેઠેલો યુવાન પણ હવે પોતાના ગામડે ખેતી સંભાળી શકે છેઃ

ડ્રોન ટેકનોલોજી (Kisan Drones): જે ખેતરમાં દવા છાંટવા માટે ૪ મજૂરોને ૨ દિવસ લાગતા અને તેમના સ્વાસ્થ્યને નુકસાન થતું, તે જ કામ આજે ડ્રોન દ્વારા ૧૫-૨૦ વીઘામાં માત્ર ૨૦ મિનિટમાં પૂરું થઈ જાય છે. મજૂરીના ખર્ચમાં સીધો ૭૦% નો ઘટાડો થાય છે.

IoT સેન્સર્સ અને ઓટોમેશન : ખેતરમાં લાગેલા નાના સેન્સર્સ મોબાઈલ એપ પર માહિતી આપે છે કે જમીનમાં ભેજ કેટલો છે અને ક્યારે પાણીની જરૂર છે. તમે શહેરમાંથી એક બટન દબાવીને તમારા ખેતરની મોટર ચાલુ કે બંધ કરી શકો છો. પાણી અને વીજળી બંનેની બચત!

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) : પાકના પાંદડાનો ફોટો પાડીને એપમાં અપલોડ કરતા જ AI જણાવી દે છે કે પાકમાં કયો રોગ આવ્યો છે અને કઈ દવા છાંટવી પડશે.

સેટેલાઈટ અને વેધર ફોરકાસ્ટિંગ : હવામાનની સચોટ આગાહીઓ અને સેટેલાઈટ ઈમેજિંગ દ્વારા ક્યારે વાવણી કરવી અને ક્યારે લણણી કરવી તેના ડેટા-ડ્રિવન (Data-driven) નિર્ણયો લઈ શકાય છે.

એકવાર આ ટેકનોલોજીમાં મૂડીરોકાણ કર્યા પછી વાર્ષિક ખર્ચમાં ધરખમ ઘટાડો થાય છે અને પાકનું ઉત્પાદન ૩૦ થી ૫૦% વધી જાય છે.

૨. સહકારી ખેતી (Co-operative & Corporate Farming) :

એકતા એ જ તાકાત આપણી સૌથી મોટી નબળાઈ એ છે કે જમીનોના ટુકડા થઈ ગયા છે. એક જ પરિવારના ત્રણ ભાઈઓ અલગ-અલગ શહેરોમાં રહેતા હોય અને ગામડે દરેકના ભાગે ૫-૫ વીઘા જમીન આવતી હોય, તો કોઈના માટે પણ ૮ લાખનું ટ્રેક્ટર કે ૫ લાખનું ડ્રોન ખરીદવું આર્થિક રીતે પોસાય નહીં.

ઉકેલ : કાગળ પર ભલે ભાગલા હોય, પણ જમીનના શેઢા તોડી નાખો. આખી ૨૫, ૫૦, કે ૧૦૦ વીઘા જમીનને એક કરી દો.

FPO (Farmer Producer Organization) બનાવો : કુટુંબની કે ગામની એક કોમન કંપની બનાવો. તેમાં બધા સભ્યો શેરહોલ્ડર બને.

સહિયારો ઉપયોગ : એક જ મોટું ટ્રેક્ટર, એક જ ડ્રોન, અને એક જ બોરવેલ. ખર્ચ વહેંચાઈ જશે અને નફો વધી જશે.

પ્રોફેશનલ મેનેજમેન્ટ : આટલી મોટી જમીનનું સંચાલન કરવા માટે ૪ મજૂરોની સાથે એક ભણેલો-ગણેલો એગ્રીકલ્ચર ગ્રેજ્યુએટ (B.Sc Agri) મેનેજર તરીકે નોકરી પર રાખો. તે રોજનો રિપોર્ટ તમને વોટ્સએપ પર મોકલશે. ગુજરાતમાં ડેરી કો-ઓપરેટિવ (જેમ કે અમૂલ) જેટલી સફળ છે, તે જ મોડલ ખેતીમાં અપનાવવાનો સમય આવી ગયો છે.

૩. શહેરી યુવાનોનું સ્માર્ટ ઇન્વેસ્ટમેન્ટ અને ડાયરેક્ટ માર્કેટિંગ (D2C)

જે યુવાનો શહેરમાં લાખો રૂપિયા કમાય છે, તેમણે ખેતીને પોતાના 'સેકન્ડ બિઝનેસ' તરીકે વિકસાવવી જોઈએ.

મૂડીરોકાણ : શેરબજાર કે મ્યુચ્યુઅલ ફંડની જેમ જ પોતાની જમીનમાં ડ્રિપ ઇરિગેશન, નેટ હાઉસ કે સોલાર પેનલ માટે રોકાણ કરો.

વેલ્યુ એડિશન અને બ્રાન્ડિંગ : ઘઉં કે મગફળી સીધા માર્કેટ યાર્ડમાં વેચવાને બદલે તેનું પ્રોસેસિંગ કરો. પોતાનું ઓઇલ-મિલ મશીન લાવીને શુદ્ધ સીંગતેલ કાઢો અને તેને આકર્ષક પેકિંગમાં શહેરમાં રહેતા તમારા જ સગા-સંબંધીઓ કે સોસાયટીમાં સીધું વેચો (Direct to Consumer).

ઓર્ગેનિક અને નેચરલ ફાર્મિંગ : શહેરોમાં આજે શુદ્ધ, કેમિકલ વગરના ખોરાકની ભારે માંગ છે. લોકો બમણો ભાર આપવા તૈયાર છે. આ માંગને પૂરી કરી તમારો પોતાના 'એગ્રી-બ્રાન્ડ' બનાવો.

નિષ્કર્ષ : માતૃભૂમિનું ઋણ અને ભવિષ્યનો વારસો

જમીન આપણી મા છે, તે માત્ર એક જડ સંપત્તિ નથી. તેને ઉજ્જડ ન રાખીએ, અને માત્ર વ્યાપારી માનસિકતાથી કોઈ બીજાના ભરોસે ન છોડીએ. આજે આપણી પાસે વિજ્ઞાન અને ટેકનોલોજીની તાકાત છે, આપણા રગેરગમાં વડીલોનું મહેનત કરવાનું લોહી વહે છે, અને આપણી પાસે સંગઠન બનાવવાની ક્ષમતા છે.

જો આજના યુવાનો પોતાની બુદ્ધિ, મેનેજમેન્ટ સ્કીલ્સ અને થોડા મૂડીરોકાણનો ખેતીમાં સમન્વય કરશે, તો આપણે માત્ર આપણી જમીનો જ નહીં બચાવીએ, પરંતુ આવનારી પેઢી માટે એક એવું નફાકારક મોડલ ઊભું કરીશું જ્યાં તેઓ ગર્વથી છાતી કાઢીને કહી શકશે:

"હા, અમે ખેડૂત છીએ - અને આજે ખેતી જ દુનિયાનો સૌથી ઉત્તમ અને પ્રોફેશનલ વ્યવસાય છે !"





- ચિરાગ પટેલ

ગુજરાત શતાબ્દી અખબારની માલિકી અને અન્ય વિગતો વિશેનું વિવરણ અને ઘોષણ

ફોર્મ - ૪

૧.	પ્રકાશન સ્થળ	:	અમદાવાદ
૨.	પ્રકાશનનો સમયગાળો	:	માસિક
૩.	પ્રિન્ટરનું નામ	:	પટેલ મુકેશકુમાર અમૃતલાલ
	રાષ્ટ્રીયતા	:	ભારતીય
	સરનામું	:	કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે, એસ.જી.હાઈવે, સોલા, અમદાવાદ - ૩૮૦૦૬૦
૪.	પ્રકાશકનું નામ	:	પટેલ મુકેશકુમાર અમૃતલાલ
	રાષ્ટ્રીયતા	:	ભારતીય
	સરનામું	:	કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે, એસ.જી.હાઈવે, સોલા, અમદાવાદ - ૩૮૦૦૬૦
૫.	સંપાદકનું નામ	:	અમૃતલાલ પરષોત્તમદાસ પટેલ
	રાષ્ટ્રીયતા	:	ભારતીય
	સરનામું	:	કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે, એસ.જી.હાઈવે, સોલા, અમદાવાદ - ૩૮૦૦૬૦
૬.	અખબારની માલિકી ધરાવતી વ્યક્તિઓ અને	:	કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા
	કુલ મૂડીના એક ટકાથી વધુ હિસ્સો ધરાવતા ભાગીદારો અથવા શેરધારકોના નામ અને સરનામા	:	કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે, એસ.જી.હાઈવે, સોલા, અમદાવાદ - ૩૮૦૦૬૦

હું પટેલ મુકેશકુમાર અમૃતલાલ જાહેર કરું છું કે ઉપર આપવામાં આવેલી વિગતો મારા શ્રેષ્ઠતમ અને વિશ્વાસ અનુસાર સાચી છે.

તારીખ : ૧૧/૦૩/૨૦૨૬

સહી

(પટેલ મુકેશકુમાર અમૃતલાલ)

પ્રકાશક

વિભાગ : ૯ ઉમિયા દ્વારેથી ...



શ્રી ઈશ્વરભાઈ એ. પટેલ
સંકલન

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા આપ સૌને જય માતાજી પાઠવે છે. મા ઉમિયાના આશિષથી આપ સૌ સુખી, સમૃધ્ધ અને આબાદ રહો તેવી શુભેચ્છા.

શ્રી ઉમિયાધામ અંબાજી લોકાર્પણ સમારોહ :

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દ્વારા મા અંબાના પાવનધામ અંબાજીમાં યાત્રિકોની સુવિધા માટે ભવ્ય અને અદ્યતન-સુવિધાઓથી સજ્જ જય સોમનાથ ઉમિયાધામનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉમિયાધામનું લોકાર્પણ તારીખ ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું. અંબાજીમાં આવતા ભક્તોની સુવિધાને ધ્યાનમાં રાખીને અહીં રહેવા જમવાની તથા આરામ માટે વિશાળ એ.સી. રૂમ, આધુનિક રસોડું સહિતની સુવ્યવસ્થિત સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મા અંબાના ધામમાં ઉમિયાધામ સ્વરૂપે મળેલી આ ભેટ યાત્રિકો માટે ખુશખબર સમાન છે. આધુનિક સુવિધાઓથી સજ્જ જય સોમનાથ ઉમિયાધામ ભક્તોને સુખદ અને સુવ્યવસ્થિત નિવાસનો અનુભવ કરાવશે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાની આ સેવાભાવી પહેલને ભક્તજનોમાં ભારે આનંદ અને સંતોષની લાગણી જોવા મળી રહે છે.

સામાજિક ઉત્કર્ષ નિધિ-વિધવા સહાય :

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા ઘણા વર્ષોથી સામાજિક અને મહિલા ઉત્થાનની પ્રવૃત્તિઓ ચલાવે છે. ગૃહિણી તાલીમ શિબિર, સત્સંગ મંડળી, ધાર્મિક પ્રવચનો, વિધવા બહેનોને પેન્શન, વિધવા બહેનોના બાળકોને શિક્ષણમાં ધો. ૧૨ પછી સ્કોલરશીપ આપવામાં આવે છે. દર વર્ષે જાન્યુઆરી તથા જુલાઈ માસમાં એમ દર ૬ (છ) માસે વર્ષમાં બે હપ્તામાં આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. તે માટે નિયમ પ્રમાણે ફોર્મ ભરી મોકલી આપવાનું હોય છે. આ વર્ષે તા. ૦૧-૦૭-૨૦૨૫ થી ૩૧-૧૨-૨૦૨૫ સુધી છ માસમાં ૩૨૫૯ વિધવા બહેનોને મનીઓર્ડરથી રૂા. ૬૮,૩૬,૭૭૧/- સહાય ચૂકવેલ છે. સમાજના દાતાશ્રીઓને વિધવા -ત્યક્તા બહેન દત્તક યોજનામાં રૂા. ૫૦,૦૦૦/- નું દાન આપી સહાયરૂપ બનવા વિનંતી છે.

હરિદ્વાર ઉમિયાધામમાં ઉમિયા માતાજી મંદિરનો પાટોત્સવ :

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા સંચાલિત હરિદ્વારમાં તા. ૦૬-૦૨-૨૦૨૬ના રોજ શ્રી ઉમિયા માતાજી મંદિરનો પાટોત્સવ ઊજવાયો. પાટોત્સવ એટલે મંદિરની પ્રતિષ્ઠાનો દિવસ. હરિદ્વાર જેવા પવિત્ર યાત્રાધામમાં મા ઉમિયાનું આ મંદિર ઉત્તર ભારત અને ખાસ કરીને હરિદ્વાર આવતા ગુજરાતી યાત્રિકો માટે આસ્થાનું કેન્દ્ર છે. ૨૦૨૬નો આ પાટોત્સવ આરતી અને અભિષેક વહેલી સવારે માતાજીનો પંચામૃત અભિષેક અને વિશેષ શણગાર કરવામાં આવ્યો. પાટોત્સવના દિવસે શ્રી ઉમિયા માતાજીના સાનિધ્યમાં વિશ્વ શાંતિ અને ભક્તોના કલ્યાણ અર્થે ભવ્ય હવન / યજ્ઞ કરવામાં આવ્યો. આ ઉમિયાધામ ગંગા નદીના કિનારાથી નજીક હોવાથી યાત્રિકો માટે સ્નાન અને સંધ્યા આરતીનો લાભ લેવો સરળ બને છે. શુદ્ધ ગુજરાતી ભોજન અહીંની મુખ્ય વિશેષતા છે. હરિદ્વારમાં યાત્રિકોને રોકાવા માટે ઉત્તમ વ્યવસ્થા છે. જો તમારે ત્યાં રોકાવું હોય તો એડવાન્સમાં રૂમ બુકિંગ કરાવી લેવું હિતાવહ છે. સંસ્થાના સત્તાવાર કાર્યાલય અથવા તેમની વેબસાઈટનો સંપર્ક કરવો જોઈએ.

શ્રી ઉમિયા માતાજી શિખરબધ્ધ નવિન મંદિર અને ફોટો મંદિર નિર્માણ :

વિઝન-૨૦૩૦ અંતર્ગત શ્રી ઉમિયા માતાજી શિખરબધ્ધ મંદિર નિર્માણ અને ફોટો મંદિરમાં અભુતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો તે આપણા સૌ માટે ગૌરવ અને આનંદની વાત છે. માતાજી મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવો ભારે ધામધૂમથી આનંદ ઉલ્લાસથી ઉજવાય છે. આવા ધાર્મિક પ્રસંગોથી માતાજી પ્રત્યે આસ્થા, શ્રધ્ધા, ભક્તિભાવ, સંપ, સંગઠન અને સદ્‌ભાવના ખૂબ જ વધી રહી છે. તાજેતરમાં નીચે મુજબના શિખરબધ્ધ મંદિરો અને ફોટો મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ આનંદ-ઉલ્લાસ સાથે થયા.

ક્રમ	તારીખ	ગામ	તાલુકો	જિલ્લો
૧.	૧૮-૧૨-૨૦૨૫	બાયડ	બાયડ	અરવલ્લી
૨.	૦૪-૦૨-૨૦૨૬	બોરીયાવી	આણંદ	આણંદ
૩.	૦૪-૦૨-૨૦૨૬	વડાવી	કપડવંજ	ખેડા
૪.	૦૫-૦૨-૨૦૨૬	લખતર	લખતર	સુરેન્દ્રનગર

શ્રી ઉમિયા માતાજી ફોટો મંદિર નિર્માણ

ક્રમ	તારીખ	ગામ	તાલુકો	જિલ્લો
૧.	૩૦-૦૧-૨૦૨૬	ઈકલેરા	ઈકલેરા	રાજગઢ (મ.પ્ર.)
૨.	૩૦-૦૧-૨૦૨૬	આષ્ટા	આષ્ટા	શિહોર (મં.પ્ર.)
૩.	૩૦-૦૧-૨૦૨૬	રેલગાંવ	રેહટી	શિહોર (મ.પ્ર.)

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના હોદ્દેદારશ્રીઓ, મંદિર સમિતિના સભ્યો હાજર રહી પ્રોત્સાહન આપ્યું હતું. તમામ દાતાશ્રીઓ, કાર્યકરો, ભાઈઓ-બહેનો, અને યુવાવર્ગ માતાજીના મંદિરમાં તન-મન-ધનથી જેમણે સહકાર આપ્યો તે તમામને માતાજીના ખૂબ ખૂબ આશીર્વાદ મળે તેવી મા ઉમિયાને પ્રાર્થના.

સંસ્કારી નગરી વડોદરા તરસાલી ખાતે શ્રી ઉમિયાધામની મહાભૂમિપૂજન સમારોહ યોજાયો :

કડવા પાટીદાર સમાજબંધુઓ વસવાટ કરે છે તે વડોદરા શહેરમાં કડવા પાટીદાર સમાજની કુળદેવી શ્રી ઉમિયા માતાજી પ્રથમ શિખરબધ્ધ મંદિર નિર્માણ અર્થે વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં શ્રી ઉમિયાધામ તરસાલી વડોદરા ટ્રસ્ટ દ્વારા તા. ૧૧-૦૨-૨૦૨૬ બુધવારના રોજ ભૂમિપૂજન સમારોહ યોજાઈ ગયો. આ પાવન પ્રસંગે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના પ્રમુખશ્રી બાબુભાઈ જે. પટેલ, માનદ્‌મંત્રીશ્રી જયંતિભાઈ પટેલ, સહમંત્રીશ્રી, શ્રી ઉમિયા પરિવાર સંગઠન ચેરમેનશ્રી, શ્રી ઉમિયા પરિવાર મહિલા સંગઠન ચેરમેનશ્રી, કારોબારી સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા. સમાજના દાતાશ્રીઓ, સમાજશ્રેષ્ઠીઓ, વિવિધ સંસ્થાના વડાઓ, અગ્રણીઓ અનેક મહાનુભાવો સાથે વિશાળ સંખ્યામાં સમાજના ભાઈઓ, બહેનો, વડીલો, યુવાઓ ઉપસ્થિત રહ્યા. ભૂમિપૂજન બાદ સભા યોજાઈ. જેમાં સંસ્થાનની વિવિધ યોજનાઓ અને પ્રોજેક્ટસ સબંધિત માહિતી આપી.

શિવરાત્રી મહોત્સવ :

મહાશિવરાત્રી એ હિન્દુ ધર્મનો એક અત્યંત પવિત્ર અને મહત્ત્વનો તહેવાર છે. આ દિવસે ભગવાન શિવ અને માતા પાર્વતીનાં લગ્ન થયાં હતાં તેવી માન્યતા છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝામાં ઉમિયા માતાજી મંદિર પરિસરમાં ઉમેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે. આ દિવસે યજ્ઞ કરવામાં આવે છે. ગુજરાતમાં આ પર્વ ખૂબ જ શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઊજવવામાં આવે છે. આ દિવસે શિવ અને શક્તિના મિલનનો ઉત્સવ ઊજવાય છે. અધ્યાત્મિક મહત્વ એવું માનવામાં આવે છે કે આ રાત્રે બ્રહ્માંડમાં ઊર્જાનો પ્રવાહ ખૂબ જ તેજ હોય છે. જે ધ્યાન અને સાધના માટે ઉત્તમ છે. ભક્તો આખો દિવસ ઉપવાસ રાખે છે અને ફળાહાર કરે છે. શિવલિંગ પર દૂધ, પાણી, મધ અને ગંગાજળનો અભિષેક કરવામાં આવે છે. મહાદેવને અત્યંત પ્રિય એવા 'બિલિપત્ર' અર્પણ કરવામાં આવે છે. શાહી સ્નાનએ આકર્ષણનું કેન્દ્ર હોય છે.

હરદ્વારમાં ઉમિયા માતાજીનો મંદિરનો અષ્ટમ પાટોત્સવ
૦૬/૦૨/૨૦૨૬

જે. એસ. પટેલ – એ.ટી.પટેલ ઉમિયાધામ આશ્રમ કે જે દેવનગરી હરિદ્વારમાં ગંગામૈયાના સાનિધ્યમાં છે. સદર આશ્રમમાં ઉમિયા માતાજીના સ્થાપનાના અષ્ટમ પાટોત્સવના પર્વની ઉજવણી મહાવદ પાંચમને ૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કરવામાં આવી. સદર પાટોત્સવમાં આશીર્વચન માટે વેદાંત આચાર્ય, રાષ્ટ્રીય મંત્રી ભારત સાધુ સમાજ મહામંડલેશ્વર ડો. સ્વામી પ્રેમાનંદજી, રાષ્ટ્રીય પ્રવક્તા ભારત સાધુ સમાજ મહામંડલેશ્વર વિવેકાનંદ સરસ્વતીજી, મોટા ગોપનાથ બોટાદના ગાદીપતિ સ્વામી આત્માનંદ સરસ્વતીજી, ઝાલાવાડ ગુજરાત આશ્રમના મહંતશ્રી સાધનાનંદજી તથા ગુરુકૃપા કુટીરના સંત રમામાતાજીની વિશેષ ઉપસ્થિતિ સાથે સમારોહનું આયોજન થયું હતું.

સદર પ્રસંગે માતાજીના મંદિર ચોકમાં શાંતિકુંજ હરિદ્વારના સંતો દ્વારા હવન-યજ્ઞ ભજન અને સંગીત સાથે કરવામાં આવ્યો.માતાજીની પીછોઈ,ધજાને પૂજા વિધિ સાથે બદલવામાં આવી.સંતો દ્વારા માતાજીની પૂજા કરી ધર્મસભા ભરવામાં આવી.ચેરમેન શ્રી પી.જે.પટેલ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. સંસ્થાના હોદેદારશ્રીઓ દ્વારા ઉપસ્થિત સંતો મહંતો તેમજ મંદિર દાતાશ્રીનું શાલ અને માતાજીના ખેસથી સ્વાગત સન્માન કરવામાં આવ્યું. સદર ઉત્સવમાં સાધુસંતોના ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં આજુબાજુના રહીશો તથા આમંત્રિતોએ ખૂબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. સંસ્થા પરિચય અને આભારવિધિ સાથે વા.ચેરમેનશ્રી આઈ.સી.પટેલ દ્વારા કાર્યક્રમની પૂર્ણાહુતિ જાહેર કરવામાં આવી હતી.

"આપ સૌના ઉપર મા ઉમાના આશીર્વાદ સદૈવ ઉતરતા રહે એ જ પ્રાર્થના"

॥ જય શ્રી ઉમિયા ॥

અંબાજીમાં 'જય સોમનાથ (JSIW) ઉમિયાધામ'નું ભવ્ય લોકાર્પણ: ભક્તિ, સેવા અને દાનવીરતાનો દિવ્ય મહોત્સવ :

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા દ્વારા પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે કરોડો રૂપિયાના ખર્ચે નિર્મિત અને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ 'જય સોમનાથ (JSIW) ઉમિયાધામ' વિશ્રાંતિગૃહનું લોકાર્પણ ભવ્યતા અને આધ્યાત્મિકતા વચ્ચે ઉજવાયો હતો. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની પ્રેરક ઉપસ્થિતિએ આ પ્રસંગને વિશેષ ગૌરવ આપ્યું, જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શુભેચ્છા સંદેશ પાઠવી સંસ્થાના આ સેવાયજ્ઞને હૃદયપૂર્વક બિરદાવ્યો.

આ સમગ્ર સંકુલના નામકરણના ભાગ્યશાળી મુખ્ય દાતા તરીકે શ્રી બાબુભાઈ કે. પટેલ અને શ્રી રમેશભાઈ કે. પટેલ (જય સોમનાથ - JSIW ગ્રુપ, ખોરજ)એ અનન્ય સેવાભાવ અને દાનવીરતાનું દિશાદર્શન કરાવ્યું છે. તેમની ઉદારતા માત્ર ભવનના નામકરણ સુધી મર્યાદિત નથી, પરંતુ યાત્રિકોની સેવા રૂપે સદાય જીવંત રહે તેવી પવિત્ર લાગણીનું પ્રતીક છે. લોકાર્પણ સમારોહ દરમિયાન દાતા પરિવારનું ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું, જે સમાજની કૃતજ્ઞતાનું પ્રતિબિંબ હતું. સાથે સાથે અન્ય સહયોગી દાતાઓનું પણ આદરપૂર્વક સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી નીતિનભાઈ પટેલે પોતાના પ્રેરક વક્તવ્યમાં ખાસ કરીને શ્રી બાબુભાઈ કે. પટેલના ઉદાર ફાળાની પ્રશંસા કરતાં જણાવ્યું કે, "બાબુભાઈ પટેલ જેવા સેવાભાવી દાતાઓના સમર્પણ અને સહયોગી દાતાશ્રીઓના ઉદાર યોગદાનથી જ અંબાજીમાં યાત્રિકો માટે આટલું ભવ્ય અને આધુનિક ધામ સાકાર થઈ શક્યું છે." તેમણે ઉમેર્યું કે પાટીદાર સમાજની દાનપરંપરા અને લોકસેવાની ભાવના સમાજ માટે હંમેશાં પ્રેરણારૂપ રહેશે.

કાર્યક્રમને આધ્યાત્મિક સ્પર્શ આપતાં જાણીતા કથાકાર ડૉ. મમતાબેન પંડિતે આશીર્વચન પાઠવ્યા હતા. સંસ્થાના પ્રમુખ અને ધારાસભ્ય શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ, માનદ મંત્રી શ્રી જયંતિભાઈ પટેલ, સંસ્થાના હોદ્દેદારો, સમાજ શ્રેષ્ઠીઓ અને કારોબારી સભ્યોની ગરિમામય ઉપસ્થિતિમાં આ લોકાર્પણ વિધિ સંપન્ન થઈ હતી.

'જય સોમનાથ (JSIW) ઉમિયાધામ'માં ૭૨ એસી રૂમ, ૨ સ્યુટ રૂમ, અન્નપૂર્ણા એસી હોલ અને મલ્ટીપર્પઝ હોલ જેવી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ આ ધામ હવે મા અંબાના અસંખ્ય શ્રદ્ધાળુઓ માટે સેવા અને આરામનું પવિત્ર કેન્દ્ર બની ખુલ્લું મુકાયું છે. આ ભવ્ય નિર્માણ માત્ર ઈમારત નહિ, પરંતુ ભક્તિ, સેવા અને દાનવીરતાના સંગમથી રચાયેલું જીવંત તીર્થરૂપ બની રહેશે.



'જય સોમનાથ (JSIW) ઉમિયાધામ'

અંબાજીમાં 'જય સોમનાથ (JSIW) ઉમિયાધામ'ના ભવ્ય લોકાર્પણની તસ્વીરો

























વિભાગ - ૧૦ ફેબ્રુઆરી-૨૦૨૬ માસની દાન સંહિતા

દાતાશ્રીઓ ઉપર ઉમિયા માતાજીના આશીર્વાદ સદાય વરસતા રહો



શ્રી જયંતિભાઈ પટેલ
માનદ્ મંત્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

દાન સંહિતા

દાતાનું નામ	ગામ	રકમ રૂ.
પટેલ કમલકુમાર રમણભાઈ	ઊંઝા	૧૧,૧૧૧.૦૦
યોગેશ જોષી	સેલવાસ	૨૫,૪૮૦.૦૦
એચ.કે.એન્ટરપ્રાઈઝ	અમદાવાદ	૧૧,૦૦૦.૦૦
નટવરભાઈ ઈશ્વરદાસ પટેલ	રાણીપ	૧૦,૦૦૦.૦૦
કાન્તા પટેલ	ધનસુરા	૧૧,૦૦૦.૦૦
ઉમા શક્તિ ઈન્ફ્રાકોન	ઔરંગાબાદ	૧૧,૦૦૦.૦૦
પ્રણય દીપક પટેલ	મુંબઈ	૧૧,૧૧૧.૦૦
રવજીભાઈ પોકાર	વલસાડ	૧૭,૬૩૩.૦૦
લક્ષ્મીબેન પોકાર	વલસાડ	૧૧,૧૧૧.૦૦
સંગીતાબેન વિજયભાઈ પટેલ	અમદાવાદ	૧૧,૦૦૦.૦૦
વિષ્ણુભાઈ અમરતલાલ પટેલ	રાણીપ	૧૧,૦૦૦.૦૦
પટેલ કિરીટભાઈ મોહનભાઈ	ઉભરાણી	૨૧,૦૦૦.૦૦
ભાવેશ પટેલ	ખેડબ્રહ્મા	૧૪,૫૦૦.૦૦
નાનજીભાઈ દેવશીભાઈ પટેલ	કોલ્હાપુર	૧૦,૧૧૧.૦૦
નારણભાઈ રાઘવજીભાઈ સંતોકી	કામરેજ ચાર રસ્તા	૧૧,૦૦૦.૦૦
પટેલ દીવીત કેતનભાઈ	સરસાવ	૫૦,૦૦૦.૦૦
ધોળુ નારાયણ ધનજી પટેલ	હૈદરાબાદ	૧૧,૦૦૦.૦૦
અલ્પેશ પટેલ	અંકલેશ્વર	૧૧,૧૨૫.૦૦
ધુપતભાઈ જયંતીલાલ પટેલ	સુરત	૨૫,૦૦૦.૦૦
અશ્વિનભાઈ અમરતભાઈ પટેલ	ખેડા	૧૧,૦૦૦.૦૦
ગુલાબબેન વિનુભાઈ પટેલ	સુરત	૧૧,૦૦૦.૦૦
પટેલ દર્શન પ્રવિણભાઈ	પલીયડ	૭૧,૦૦૦.૦૦
રાકેશ રમણલાલ જોષી	અમદાવાદ - ૮૧	૪૫,૦૦૦.૦૦
જીગર રતીલાલ પટેલ	કુડાસણ	૧૦,૦૦૧.૦૦
જયશ્રીબેન મણીલાલ લીબાણી	મુંબઈ	૧૧,૦૦૦.૦૦
વિશ્રેષ પટેલ	કિલ્લાપારડી	૫૧,૦૦૦.૦૦
ઉમિયા હાર્ડવેર	હૈદરાબાદ	૧૧,૦૦૦.૦૦
અનીલ મગનભાઈ પટેલ	મુંબઈ	૨૫,૦૦૦.૦૦

અખંડ ઘી ના દીવા ભેટ

પટેલ પુનમભાઈ સોમાભાઈ	અમદાવાદ	૧૫,૧૦૧.૦૦
દયાનંદ લક્ષ્મણ પાટીદાર	ધામનોદ	૨૧,૦૦૦.૦૦

સોના-રૂપા દાગીના (વસ્તુ)

રમેશભાઈ ભગવાનદાસ પટેલ	ગોધરા	૧,૦૯,૬૦૦.૦૦
જલ ભાર્ગવ પટેલ	અમદાવાદ	૨૫,૦૦૦.૦૦
જીવાબેન શામજીભાઈ પોકાર	મુંબઈ	૧૫,૦૦૦.૦૦
રાજુભાઈ શંકરભાઈ પટેલ	ખેરવા	૧૫,૦૦૦.૦૦

ઉમિયા શરણમ્ મમ મંડા બુક દાતાશ્રી

જીવાબેન શામજીભાઈ પોકાર	મુંબઈ	૨૧,૦૦૦.૦૦

શ્રી ઉમિયાધામ સોલા મંદિર નિર્માણદાન

અમીતભાઈ મનસુખભાઈ પટેલ	અમદાવાદ	૧૧,૦૦૦.૦૦
પટેલ ભગાભાઈ ત્રિભોવનદાસ	અમદાવાદ	૨૫,૦૦૦.૦૦

ફુલોની આંગી સેવા યજમાન દાતા

દીલીપભાઈ આશાભાઈ પટેલ	વટાદરા	૫૧૦૦.૦૦

અન્નપૂર્ણા મિષ્ટાન ભોજન દાતા

વિપુલભાઈ નાથાલાલ પટેલ	ગાંધીનગર	૧૫,૦૦૦.૦૦
જીવાબેન શામજીભાઈ પોકાર	મુંબઈ	૧૫,૦૦૦.૦૦
સ્વ. જીવરાજભાઈ ગોપાલભાઈ નાથાણીઉડુપી		૧૫,૦૦૦.૦૦
સ્વ. ચંદુભાઈ હીરાલાલ પટેલ	પાદરા	૧૫,૦૦૦.૦૦

(૧૨ વર્ષ માટે)

કાયમી સદાવ્રત કોર્પસ ફંડ	વ્યક્તિ - ૨	૧૭,૬૦૦.૦૦
કાયમી થાળ કોર્પસ ફંડ	વ્યક્તિ-૩	૪૩,૧૦૦.૦૦
કાયમી હવન કોર્પસ ફંડ	કુલ વ્યક્તિ - ૮	
હિનાબેન કેતનકુમાર પટેલ	કલોલ	૩૧,૦૦૦.૦૦
સંદિપભાઈ જીતેન્દ્રભાઈ પટેલ	કલોલ	૩૧,૦૦૦.૦૦
ક્રિશા નૂતનભાઈ પટેલ	કલોલ	૩૧,૦૦૦.૦૦

ધન્યવાદ





ઉમિયાજ્યોતના લવાજમના નાણાં રોકડા તેમજ ઓનલાઈન બેંન્કીગથી પણ સ્વીકારવામાં આવે છે.

ખાતાનું નામ : કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
બેન્ક : ઈન્ડીયન ઓવરસીઝ બેન્ક, સોલા બ્રાન્ચ, અમદાવાદ
એકાઉન્ટ નં. : ૦૪૪૭૦૨૦૦૦૦૦૦૬૮૦
IFSC : IOBA0000447
ઓનલાઈન પેમેન્ટ કર્યા બાદ (મો) ૬૩૫૪૫૩૬૪૩૬
ઉપર જાણ કરવી અને પેમેન્ટનો સ્ક્રીનશૉટ મોકલવો.

લવાજમ રૂા. ૨૦૦૦ (૫ વર્ષ માટે)
લવાજમ રૂા. ૩૦૦૦ (૧૦ વર્ષ માટે) **સ્વીકારવામાં આવે છે.**

ઉમિયા જ્યોતના નવા સભ્યશ્રીઓ
ફેબ્રુઆરી -૨૦૨૬

લવાજમ રૂા. ૩૦૦૦ સ્વીકારવામાં આવે છે. (૧૦ વર્ષ માટે)

પટેલ મહેશકુમાર ગોપાળદાસ	મહેસાણા
કૌશિકભાઈ માધવલાલ પટેલ	મહેસાણા
ભરતભાઈ મફતલાલ પટેલ	પાટણ
અનીલકુમાર જશવંતલાલ પટેલ	મહેસાણા
પટેલ મિહિર બાબુભાઈ	મહેસાણા
વિષ્ણુભાઈ મણીલાલ પટેલ	મહેસાણા
દિનેશભાઈ ભગવાનભાઈ પટેલ	પાટણ
પટેલ મહેશભાઈ રમાભાઈ	વડોદરા
કંચનભાઈ રમણીકલાલ પટેલ	અમદાવાદ
શૈલેષભાઈ કાન્તીલાલ પટેલ	મહેસાણા
કમલેશભાઈ બબલદાસ પટેલ	અમદાવાદ
અમરતલાલ તુળસીદાસ પટેલ	અમદાવાદ
દેવાભાઈ પીતામ્બરદાસ કર્ણાવત	બનાસકાંઠા
ભરતભાઈ ઈશ્વરદાસ પટેલ	બનાસકાંઠા
પટેલ ભરતભાઈ પ્રભુભાઈ	મહેસાણા
પટેલ મહેન્દ્રભાઈ હરગોવિંદભાઈ	મહેસાણા
સોમાભાઈ શંભુદાસ પટેલ	પાટણ
જયાબેન ગિરીશભાઈ પટેલ	પાટણ
પટેલ લાલાભાઈ પ્રભુદાસ	મહેસાણા
અરવિંદકુમાર શંકરલાલ પટેલ	મહેસાણા
પટેલ હસમુખભાઈ કાન્તીભાઈ	પાટણ
પટેલ ચંપાબેન ગોવિંદભાઈ	મહેસાણા

ફેબ્રુઆરી-૨૦૨૬ માસમાં ભાવિક દાતાશ્રીઓએ કુલ ૭૨૧ સાડીઓની માતાજીને ભેટ ઓઢાડી માની કૃપા મેળવી.

શ્રી ઉમિયા મંદિર, ઊંઝામાં કાયમી લગ્નોત્સવ યોજના અંતર્ગત
જાન્યુઆરી - ૨૦૨૬ માસમાં ૩૭ લગ્ન + ૧૦ ફુલહાર લગ્ન કુલ - ૪૭ લગ્ન થયાં.

મિત્રો,

'ઉમિયા જ્યોત' આપ સૌનું ગમતું સામયિક છે. તેમાં આપ યોગ્ય લેખો મોકલી શકો છો. આપની પરિવારનો કોઈ સભ્ય કોઈ ઉચ્ચ શિક્ષણ સિદ્ધિ પ્રાપ્ત કરે, ઉચ્ચ નોકરી પ્રાપ્ત કરે કે બઢતી, બદલી થાય તો તેની ૧/૨ કે ૧/૪ પાનામાં વિગતો છપાવી શકો છો.

— તંત્રી

પંચકર્મ– અગ્નિકર્મ – મર્મ રુહ : (પીડન) ચિકિત્સા

સંધિવાત – પેરાલીસીસ – કેન્સર – ડાયાબીટીસ – કિડનીના રોગો

ગુરુ



વૈધ નરસિંહાકાકા

નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®

www. niramayayurveda.com રી-સર્ચ ફોર આયુર્વેદા

'' પ્રતિક હાઉસ '' ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગર સ્ટ્રીટ રોડ,
સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયાની ગલીમાં, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત.
ફોન : ૦૨૬૧-૨૪૭૦૮૭૫, ૨૪૭૦૮૭૬, મો. ૭૫૭૪૮ ૬૧૮૫૬
હોસ્પિટલ સમય : સવારે ૮.૦૦ થી સાંજે ૮.૦૦

ગુરુ



ડો. પી. યાદય્યા



વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ
B.A.M.S., MD, Ph.D
સમય : ૨.૦૦ થી ૮.૦૦

વેધનકર્મ અને અગ્નિકર્મ ચિકિત્સા

કેન્સર - હૃદયરોગ - કીડનીનારોગો

3C CARE WITH AYURVEDA

Ultimate Neuro - Arthritic Care



પાઈલ્સ અને પથરીના રોગોથી પરેશાન છો ??

- ➡ પિત્તાશયની પથરી (Gallbladder Stone)
- ➡ પેશાબની પથરી, કીડનીની પથરી
- ➡ અર્શ–મસા–ભગંદર

કષ્ટદાયક કેન્સરની સચોટ, અનુભૂત સફળ
(ટ્રેડીશનલ–જંગલની જડીબુટ્ટી)
રીસર્ચ – સહાયક આયુર્વેદિક સારવાર

શું તમે ડાયાલીસીસ કરાવો છો ???
ટ્રાન્સપ્લાન્ટેશન વગર કીડનીના રોગો માટે આયુર્વેદિક સહાયક સારવાર

NABH
ઈન્સ્યોરન્સ સુવિધા ઉપલબ્ધ...



•સ્ટ્રોક •હાઈ બ્લડ પ્રેશર•ડાયાબીટીસ•હૃદય રોગ
જેવા કારણોથી થતા પક્ષાઘાત (પેરાલીસીસ) ની
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ દ્વારા
૩૩ વર્ષના અનુભવી રીસર્ચ બેઈઝ અનુભૂત
''નિરામય'' સહાયક અને ફળદાયી આયુર્વેદિક સારવાર

બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી–અસ્તાન રોડ, બારડોલી.
ફોન :૭૫૭૪૮૬૧૮૫૩ - ૯.૦૦ થી ૭.૦૦
સમય : દર શુક્રવારે -૧૦.૦૦ થી ૧.૦૦ (Courier Facility Available)

ઈચ્છાનાથ ૧૦૫, દેવાશિષ એપાટમેન્ટ, SVNIT કોલેજ સામે, ઉમરા રોડ, ઈચ્છાનાથ, સુરત.
સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૭.૦૦ ફોન : ૭૫૭૪૮૬૧૮૫૧

ભરૂચ એ-૨૨, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી. ડેપો પાસે, ભરૂચ.
સમય : દર મહીનના ૨ જા રવિવારે સવારે ૧૦.૦૦ થી બપોરે ૨.૦૦
ફોન : ૭૫૭૪૮૬૧૮૬૬

Avdhoot
Dental & Implant Clinic

દાંતની તમામ પ્રકારની સ્પેશ્યાલીસ્ટ દ્વારા સચોટ સારવાર માટે અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ ડેન્ટલ ક્લિનીક



Dr. Jayanti R. Patel
M.D.S.
(Prosthodontics & Crown and Bridge)
Dean (Narsinhbhai Patel Dental College & Hospital, Visnagar)
President (Indian Prosthodontic Society)
M. 9824045092



Dr. Rushit J. Patel
M.D.S.
(Oral & Maxillofacial Surgery & Implantology)
Professor (Narsinhbhai Patel Dental College & Hospital, Visnagar)
M. 9824115092



Reception Area



Consulting Room



Speciality Treatment Area



Treatment Area

સ્પેશિયાલીસ્ટ દ્વારા ઉપલબ્ધ સુવિધાઓ




In House OPG & RVG
ડિજીટલ તથા આખા મોઢાના એક્સ-રેની સુવિધા



Intra Oral Scanner
દાંતનું માપ લેવાની કમ્પ્યુટરાઈઝ્ડ પદ્ધતિ



Dental Implant Supported Fixed Prosthesis & Over - Denture
સ્ક્રૂની મદદથી ફિક્સ દાંત તથા ચોકઠું બેસાડવાની સુવિધા.



Teeth in 72 Hrs. (Basal Implant.)
૭૨ કલાકમાં દાંત બેસાડવાની સુવિધા



Complete Denture
કાઢવા પહેરવાનું ચોકઠું



Crown & Bridge. (FPD)
દાંત પર કવર/કેપ તથા પડી ગયેલા દાંતની જગ્યાએ નવા દાંત બેસાડવાની સુવિધા



Root Canal Treatment
આધુનિક પદ્ધતિથી મૂળિયાની સારવાર



Orthodontic Treatment
વાંકાચૂકા દાંતની સારવાર



Extraction
દાંત/દાઢ પાડવાની તથા ડહાપણની દાઢની સારવાર



Flap Surgery
પેઢાની સર્જરી દ્વારા પાયોરિયાનો સચોટ ઈલાજ



Pedodontist
નાના બાળકોના દાંતની તમામ સારવાર



Laser Dentistry

ક્લિનીક - ૧
મારૂતિ કોમ્પલેક્ષ, બળીયા-લીમડી રોડ,
સિવિલ હોસ્પિટલ સામે,
અસારવા, અમદાવાદ-૧૬. મો. 9429524365
Time : 9.00 am to 1.00 pm | 5.00 pm to 9.00 pm

ક્લિનીક - ૨
૨૦૭, બીજો માળ, એમ્પાયર ડૉક્ટર હાઉસ,
અમીરાજ ફાર્મની બાજુમાં, કારગીલ પેટ્રોલ પંપની સામે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ. મો.9638971362
Time : 10.00 am to 1.00 pm | 4.00 pm to 9.00 pm



સ્કૂલ ટ્રસ્ટી તરીકે હાજરી આપી હર ઘર -તિરંગા અભિયાનને વેગ આપી એક આંદોલન બનાવ્યું.

ભારત માતાકી જય

કિરીટ પટેલ (દેવગઢ)

Nishit Patel's CARE IMMIGRATION & VISA SERVICES

CARE IMMIGRATION & VISA SERVICES

ASSOCIATED WITH MATRIX IMMIGRATION AND VISA SERVICES.



Sponsored : 2014 - 2023

4.9/5 Excellent Based on 332 Reviews

Justdial India's No.1 local search engine

NIRMA UNIVERSITY INSTITUTE OF LAW

SGVP INTERNATIONAL SCHOOL

SILVER OAK Education to Innovation

GANPAT UNIVERSITY

KIRC

વિશ્વાસ • પ્રમાણિકતા • અથાગ પરિશ્રમ • સારી સેવા એ જ અમારો ધ્યેય

27+ એવોર્ડ સાથે 16+ થી પણ વધારે વર્ષોનો અનુભવ

EXPERT IN.......

COACHING | STUDENT VISA | VISITOR VISA | IMMIGRATION

- **Authorised Representative of Many Universities & Colleges Across the World.**
- **Excellence in Coaching.**
- **Operation Across India through Agents Network.**
- **Expert in solving refused cases.**
- **Excellent Success Track Record.**

ઘરે બેઠા YouTube / care immigration and visa services ચેનલને SUBSCRIBE કરો અને ફ્રી માહિતી મેળવો

Study in CANADA IELTS - 6

Study in USA IELTS - 5.5

Study in U.K. NO IELTS

Study in Australia IELTS - 6

Study in NewZealand IELTS - 6

PR in CANADA

* Conditions Apply

2007 ESTABLISHED IN

Ahmedabad(H.O.)
304/5, 6TH AVENUE,
Opp. Textile Co-Op bank, Navrangpura
Ahmedabad, Gujarat, India. 380009
: +91 99240 31116 / 9

Mehsana (Br. Office)
302-305,"B" Hub Town,
Modhera Chokdi, Mehsana,
Gujarat. India-384 002
: +91 9924039191

Kalol (Br. Office)
F-11, B.T. Mall, Nr. HDFC Bank,
Navjivan Mill Compound,
Kalol - 382721. Gujarat. India
: +91 7203031954

27+ Awards Achievement

UMIYA JYOT
Registered under RNI No. GUJGUJ/2012/49800
Published on 15th Date of every month

If undelivered please return to below address
'ઉમિયા જ્યોત' કાર્યાલય
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪
E-mail : editorumiyajyot@gmail.com

Published by DILIPBHAI MANILAL PATEL on behalf of KADVA PATIDAR KULDEVI SHREE UMIYA MATAJI SANSTHAN UNJHA and printed by DAVE DHAVAL KIRTIKUMAR Gujarat Offset Pvt Ltd Offset House, Station Road, Vatva, Ahmedabad-382 440 and Published from Kadva Patidar Kuldevi Shree Umiya Mataji Sansthan Unjha, Umiya Campus, Near Bhagwat Vidyapith, S.G. Highway, Sola, Ahmedabad-380 060. Editor - JETHABHAI PATEL